MONDAY
૧૧-૦૧-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, માગશર વદ ૧૩
અંક : ૮૩
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને સમગ્ર ગુજરાતમાં બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર

નોકરી શોધતા લોકો માટે
ખુશખબર
ચક્રવાત દૈનિક સમાચારપત્રમાં દર બુધવારે તથા દર શનિવારે નોકરીની અપડેટ વાંચતા રહો
નોકરીની એડ આપવા માટે સંપર્ક : મો.૯૧૦૬૬૧૭૮૬૭

● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### ૨૦ જાન્યુઆરીએ કાયદા મુજબ જો બાઈડનને પાવર ટ્રાંસફર કરીશ : ટ્રમ્પ

# વેક્સિન લેશે ગુજરાત, ઠીક થશે ગુજરાત : ૧૬મીથી પ્રારંભ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૦

દેશભરમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સિનેશનની કામગીરી શરૂ થવા જઈ રહી છે. ત્યારે ગુજરાતમાં કોરોના વેક્સિનેશનને લઈને સીએમ રૂપાણીનું મહત્વનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે, વેક્સિન અપાયા બાદ લોકોને નિરિક્ષણ હેઠળ રખાશે. આ દરમિયાન તેમને કોઈ સમસ્યા થશે તો તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવશે. તેના માટે વેક્સિન સેન્ટર પર ત્રણ રૂમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં વેઈટિંગ રુમ, વેક્સિન રુમ અને ઓબ્ઝર્વેશન રુમ શામેલ છે.

**વેક્સીન આપ્યા બાદ લોકોને નિરીક્ષણ હેઠળ રખાશે, જો કોઈ સમસ્યા થશે તો તાત્કાલિક સારવાર અપાશે**

વિજય રૂપાણીએ જણાવ્યું કે, 'વેક્સીન આવી ગઈ છે, મને એ વાતનો ગર્વ છે જે વેક્સીનને મંજૂરી આપવામાં આવી છે. તે બંને વેક્સીન મેઈન ઈન ઈન્ડિયા છે. સમગ્ર ગુજરાતમાં વેક્સીન આપવા માટે ડેટાબેઝનું કામ પૂર્ણ કરી દેવાયું છે. ગુજરાતની અંદર ચાર લાખ ઉપર હેલ્થકેર વર્કર્સ તેમજ ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ કુલ ૧૧ લાખ જેટલા કર્મચારીઓને કોરોના વેક્સીનનો પહેલો લાભ મળશે.'




આ ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન અને સ્ટોરેજની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વિજય રૂપાણીએ કહ્યું કે, કોરોના સામેની લડાઈમાં આપણે જીત મેળવી છે. તેમણે કોરોના સામેની લડાઈમાં ડૉક્ટરો અને કોરોના વૉરિયર્સની પ્રશંસા કરી. સીએમ રૂપાણીએ કહ્યું કે, ડૉક્ટરો અને કોરોના વૉરિયર્સે ઉત્કૃષ્ટ કામગીરી નીભાવી છે. મુખ્યમંત્રીએ ગુજરાતની જનતાને કહ્યું કે, ગુજરાતમાં પ્રાયોરિટી પ્રમાણે દરેકને વેક્સિન મળશે. રાજ્યમાં વેક્સિનેશનની પ્રોસેસ માટે ગુજરાત તૈયાર છે. તેમણે અફવાઓ પર ધ્યાન ના આપવા પણ લોકોને અપીલ કરી છે.



તેઓએ વધુમાં જણાવ્યું કે, 'કોરોના વેક્સીનેશન માટે હાઉસ ટૂ હાઉસ સર્વેનું કામ પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. એની અંદર ૫૦ વર્ષથી ઉપરના લગભગ ૧.૦૫ કરોડ લોકો છે. પચાસ વર્ષથી નાના ૨.૭૫ લાખ લોકો ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા છે. રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી એમ ૬ સ્થાનો પર વેક્સીન ટ્રાય રન સફળતાપૂર્વક પૂર્ણ કરાયો છે. આ દરમિયાન ૧૬૦૦૦ હેલ્થકેર વર્કર્સને વેક્સિનેટર તરીકે વિશેષ ટ્રેનિંગ આપીને તૈયાર કરવામાં આવ્યા છે. જેઓ વેક્સીન લગાડવાનું કામ કરશે.'

**ચાર લાખ ઉપર હેલ્થકેર વર્કર્સ તેમજ ૬ લાખથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ કુલ ૧૧ લાખ જેટલા કર્મચારીઓને કોરોના વેક્સીનનો પહેલો લાભ**

વેક્સીન સેન્ટર પર મુખ્ય ત્રણ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં વેઈટિંગ રૂમ, વેક્સીન રૂમ તથા જ્યાં વેક્સીન લગાડવામાં આવશે ત્યાં ઓબ્ઝર્વેશન રૂમ શામેલ છે. વેક્સીન લગાડ્યા બાદ જે લોકોને કોઈ સમસ્યા થાય તો તેમની તબીબી સારવાર માટે રૂમ ઉપલબ્ધ હશે. કોરોના વેક્સીનના ટ્રાન્સપોર્ટેશન માટે કોલ્ડ ચેઈનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. વેક્સીનને સ્ટોર કરવા માટે રાજ્યમાં ૬ રિજિયનલ ડેપો તૈયાર કરવામાં આવ્યા છે. આ સંપૂર્ણ રસીકરણની વ્યવસ્થામાં જે સાધનોનો ઉપયોગ કરાશે તેનું ઓડિટિંગ પણ પૂરું થઈ ગયું છે. એટલું જ નહીં, કેન્દ્ર સરકાર તરફથી પણ રાજ્યને વધારાના સાધનો મળી ગયા છે. આમ ભારત દુનિયાનું સૌથી મોટું વેક્સિનેશન કરવા માટે જઈ રહ્યું છે.

## દિવસ ૪૬ : હરીયાણામાં આંદોલનકારી ખેડૂતો પર લાઠીચાર્જ અને ટીયરગેસ દ્વારા અત્યાચાર

(જી.એન.એસ)કરનાલ,તા.૧૦

હરિયાણા સીએમ મનોહરલાલ ખટ્ટરના કાર્યક્રમનો ખેડૂતોએ વિરોધ કર્યો છે. કરનાલમાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. સ્થિતિ બગડી તો તેને કાબૂમાં લેવા માટે પોલીસે ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. પહેલા ખેડૂતોને પાછળ હટવાનું કહેવાયું હતું. હરિયાણામાં સ્થિતિ કાબૂ બહાર જતા પોલીસે પાણીનો મારો કરીને ખેડૂતોને પાછળ કરવાની કોશિશ પણ કરવી પડી.



સૂબામાં સત્તાધારી પાર્ટી ભાજપની મહાપંચાયત હતી. પ્રદેશના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે નવા કૃષિ કાયદાની જાણકારી આપવા માટે પ્રદેશના દરેક જિલ્લામાં કિસાન મહાપંચાયત કરવાની જાહેરાત કરી હતી. સીએમની પહેલી મહાપંચાયત કરનાલ ગામ કેમલામાં થવાની હતી. આ કાર્યક્રમનો ખેડૂત સંગઠનો વિરોધ કરી રહ્યા હતા. કાર્યક્રમના વિરોધમાં કરનાલમાં ખેડૂતોએ ખુબ હોબાળો મચાવીને સરકારને કડક ચેતવણી આપી આરપારની લડાઈની ધમકી આપી છે.

કરનાલમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણના કારણે હાલાત તણાવપૂર્ણ છે. કાળા ઝંડા સાથે કાર્યક્રમ સ્થળની તરફ જતા ખેડૂતો પર પોલીસે લાઠીચાર્જ કર્યો. ટીયર ગેસના સેલ છોડ્યા અને વોટર કેનનનો પણ ઉપયોગ કર્યો. ખેડૂતો સતત નારેબાજી કરી રહ્યા છે. જો કે, કિસાનો અને ખેડૂતો વચ્ચે કૃષિ આંદોલન અંગે અનેક બેઠકો યોજાઈ ચૂકી છે. છતાં તેનું કોઈ પરિણામ આવ્યું નથી. સીએમ ખટ્ટર પણ કિસાનો સાથે સંવાદ કરી કૃષિ કાયદા અંગે સ્થિતિ સ્પષ્ટ કરવા માગે છે.

## ઈન્ડોનેશીયામાં બની બે મોટી દુર્ઘટનાઓ : ૬૨ પ્રવાસીઓ સાથે પ્લેન ક્રેશ તથા ભૂસ્ખલનમાં ૧૧ લોકોના મોત

(જી.એન.એસ)જાકાર્તા,તા.૧૦

ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તાથી ઉડાન ભર્યાની થોડી જ ક્ષણ બાદ શ્રીવિજયા એરલાઈન્સનું વિમાન લાપતા થઈ ગયું હતું. ઘટનામાં ૧૨ કલાક બાદ હવે ઈન્ડોનેશિયાઈ તપાસ કર્તાઓને જકાર્તાની પાસે જાવા સાગરમાં શરીરના અંગ મળ્યા છે. આ એ જ જગ્યા છે જ્યાં ઉડાન ભર્યા બાદ વિમાન ક્રેશ થયુ હતુ. વિમાનમાં



૬૨ લોકો સવાર હતા. એરલાઈન્સ દ્વારા જારી નિવેદન અનુસાર, વિમાને જકાર્તાથી પોન્ટિયાનક માટે ઉડાન ભરી હતી. જે ઈન્ડોનેશિયના બોર્નિયો દ્વીપ સ્થિત પશ્ચિમ કાલીમંતન પ્રાંતની રાજધાની છે. આ ઉડાનનો સમય લગભગ ૯૦ મિનિટ હતો. વિમાનમાં ૫૦ પ્રવાસીઓ ઉપરાંત ચાલક દળના ૧૨ સભ્યો હતા. જે તમામ ઈન્ડોનેશિયાના નાગરિકો છે.

તો બીજી તરફ શનિવારે જ જાવાના સુમેડાંગ જિલ્લામાં ભૂસખ્લન પણ થયું. રેસક્યુ ટીમ અહીં ફસાયેલા લોકોને બહાર કાઢી રહી હતી. રવિવારે ફરી જમીન ધસી પડી હતી. તેના કારણે રેસ્ક્યુ ટીમના કર્મચારીઓ પણ દબાઈ ગયા હતા. આ ઘટનામાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે ભારે વરસાદના કારણે આ અકસ્માત થયો છે. ઘાયલોને લેવા માટે આવેલી એમ્બ્યુલન્સ પણ માટીના ઢગલામાં દબાઈ ગઈ હતી. પછીથી ક્રેનની મદદથી તેને કાઢવામાં આવી હતી.



નેશનલ ડિઝાસ્ટર મિટિગેશન એજન્સીના સ્પોક્સમેન રાદિત્ય જાતિએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮ લોકો ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે શનિવારે રાતે વરસાદ રોકાઈ ગયો હતો.

ચક્રવાત દૈનિક
સત્ય માટે સત્ય સાથે સતત
સામાન્ય જનતાનું પોતીકું અખબાર
નેતાઓના મનની નહિ, મારી તમારી આપણી વાત એટલે "ચક્રવાત"
વાર્ષિક લવાજમ માત્ર
રૂપિયા ૧૨૦૦/-



આપનો અમૂલ્ય સહયોગ ચોથી જાગીરના પડકારને જીવંત રાખશે
સાગરભાઈ
મો.૯૧૦૬૬૧૭૮૬૭

## સોમનાથ ટ્રસ્ટના નવા પ્રમુખ માટે આજે ટ્રસ્ટી મંડળની બેઠક

(જી.એન.એસ)વેરાવળ,તા.૧૦

સોમનાથ ટ્રસ્ટના નવા ચેરમેનના નામને લઈને મહત્વના સમાચાર મળી શકે છે. આવતી કાલે સોમનાથ ટ્રસ્ટની વર્ચ્યુઅલ બેઠક મળવા જઈ રહી છે.આ બેઠકમાં નવા ચેરમેનના નામની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. કેશુભાઈ પટેલના નિધન બાદ ચેરમેન પદ ખાલી છે. આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, અમિત શાહ, એલ.કે. અડવાણી જોડાશે.

સોમનાથ મંદિરના નવા ચેરમેનની વરણી માટે આવતીકાલે સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક મળશે. આ બેઠકમાં વડાપ્રધાન મોદી, અમિત શાહ, એલ. કે. અડવાણી જોડાશે. આ બેઠકમાં નવા ચેરમેનની વરણીને લઈને ચર્ચા કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના નિધન બાદ સોમનાથ મંદિરના ચેરમેનનું પદ હજુ સુધી ખાલી છે. જેને લઈને આ બેઠકમાં આગામી નવા ચેરમેનના નામ પર મહોર વાગી શકે છે. સૂત્રોને મળતી માહિતી મુજબ ભાજપના દિગ્ગજ નેતા એલ. કે. અડવાણીનું નામ નવા ચેરમેન તરીકે ચર્ચામાં ચાલી રહ્યું છે, જ્યારે બીજા નામ તરીકે હર્ષવર્ધન નેઓટિયાનું નામ પણ ચર્ચામા ચાલી રહ્યું છે. કોરોનાકાળ દરમિયાન નવા ચેરમેનની વરણીને લઈને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠક મળશે.

## AAPએ ખેડૂત આંદોલન મુદ્દે કંગના, રવિ કિશન, મનોજ તીવારીને મોકલી લીગલ નોટીસ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૦

AAPએ બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત અને સાથે ભાજપના નેતા રવિ કિશન, મનોજ તિવારી અને રમેશ બિધૂડી સહિત કેન્દ્રીય મંત્રી રાવ સાહેબ દાનવેને કાયદાકીય નોટિસ મોકલી છે. આ નોટિસ ખેડૂત આંદોલન પર આપવામાં આવેલા નિવેદનોને લઈને મોકલવામાં આવી છે. ચંડીગઢમાં એક પ્રેસ કોન્ફરન્સમાં છછઁ નેતા રાઘવ ચઢ્ઢાએ આ વાતની જાણકારી આપી હતી. રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે છછઁએ દરેક ખેડૂતોની કાયદાકીય મદદ કરી રહી છે જે ભાજપના નેતાઓ પર કરાયેલી અપમાનજનક ટિપ્પણીની વિરુદ્ધ કોર્ટની મદદ લઈ રહ્યા છે. ખેડૂતોએ નિર્ણય કર્યો છે કે ભાજપના નેતાઓની વિરુદ્ધણાં તેમની પર કરાયેલી અપમાનજનક ટિપ્પણી અને અભદ્ર ટિપ્પણી માટે કાયદાકીય કાર્યવાહી કરાશે. જે નેતાઓને કાયદાકીય નોટિસ મોકલાઈ છે તેમાં ગોરખપુરથી સાંસદ રવિ કિશન, મનોજ તિવારી અને રમેશ બિધૂડી સહિત કેન્દ્રીય મંત્રી રાવ સાહેબ દાનવેનું નામ સામેલ છે. આ સિવાય બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતને પણ નોટિસ મોકલવામાં આવી છે. કંગનાએ ખેડૂત આંદોલન પર અનેક અવસરે ટિપ્પણી કરી છે. તેમનું સ્ટેન્ડ સતત સરકારની તરફ નરમ અને પ્રદર્શનના વિરોધમાં જોવા મળ્યું છે.

## વિશ્વ ગુરૂ બનવાના સપના જોતા ભારત સામે દર્પણ : દુનિયામાં ભારતનો પાસપોર્ટ ૮૫મા ક્રમે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

દર વર્ષે દુનિયાના સૌથી શક્તિશાળી પાસપોર્ટનુ લિસ્ટ જાહેર કરનાર સંસ્થાએ આ વર્ષના સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવતા દેશોની યાદી બહાર પાડી છે. આ લિસ્ટમાં જાપાનનો પાસપોર્ટ પહેલા સ્થાને છે.બીજા શબ્દોમાં કહીએ તો જાપાનના પાસપોર્ટને દુનિયાનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ ગણવામાં આવ્યો છે. બીજા નંબરે સિંગાપુર છે. જેના નાગરિકોને ૧૯૦ દેશમાં આ સુવિધા મળે છે.ત્રીજા ક્રમે રહેલા દક્ષિણ કોરિયા અને જર્મનીના નાગરિકોને ૧૮૯ દેશમાં આ સુવિધા અપાય છે.જ્યારે ચોથા નંબરે ઈટાલી, ફિનલેન્ડ, સ્પેન અને લક્ઝમબર્ગ છે.ભારત આ લિસ્ટમાં ૮૫મા સ્થાને છે.ભારતના નાગરિકોને દુનિયાના ૫૮ દેશોમાં વિઝા ઓન એરાઈવલની સુવિધા છે.




ચીન આ લિસ્ટમાં ૭૦મા ક્રમે છે.તેના નાગરિકોને ૭૫ દેશો વિઝા ઓન એરાઈવલ આપે છે.જ્યારે પાકિસ્તાન ૧૧૧ દેશના લિસ્ટમાં ૧૦૭મા ક્રમે છે. પાકના નાગરિકોને ૩૨ જ દેશ આ પ્રકારની સુવિધા આપી રહ્યા છે.

## મોદી વિરૂદ્ધ ટિપ્પણી કરનાર ગો-એરનો પાયલટ સસ્પેન્ડ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૧૦

વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિશે ટ્વિટર પર અપમાનજનક ટિપ્પણી કરનાર પોતાના એક સિનિયર પાઈલટ મિકી મલિકને ગોએર એરલાઈન કંપનીએ નોકરીમાંથી કાઢી મૂક્યો છે. એરલાઈનના પ્રવક્તાએ કહ્યું કે ગોએર કંપનીએ તાત્કાલિક રીતે અમલમાં આવે એ રીતે પાઈલટની સેવા સમાપ્ત કરી દીધી છે. ગોએરે આવા મામલાઓમાં ઝીરો ટોલરન્સ નીતિ અપનાવી છે. આમાં સોશિયલ મિડિયા પર અંગત રીતે કરાતા વ્યવહારનો પણ સમાવેશ થાય છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# રાજ્યનાં મોટાભાગનાં શહેરોમાં તાપમાનનો પારો બે આંકમાં નોંધાયો

## વાદળછાયુ વાતાવરણ સર્જાવાની સાથે નલિયા અને ગિરનાર ખાતે એક આંકમાં તાપમાન નોંધાયુ



## ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં કેટલાક સ્થળોએ માગસરના અંતિમ દિવસોમાં માવઠાની સંભાવના

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૦

રાજ્યમાં ગત પખવાડીયા દરમિયાન અસહ્ય અને કાળજા કંપાવતી ઠંડીના અનુભવ બાદ રાજ્યમાં વાતાવરણમાં હળવો પલ્ટો આવતાં કેટલાક સ્થળોએ માગસર માસનાં આખરી દિવસો પસાર થઈ રહ્યા છે. ત્યારે માવઠાની સંભાવના પ્રબળ બનેલ છે. એકંદરે રાજ્યમાં નીચા તાપમાનનો પારો ધીમે ધીમે ઉચાઈ પ્રાપ્ત કરી રહેલ છે. આજે રાજ્યમાં ગિરનાર પર્વત તથા નલિયા ખાતે એક અંકમાં તાપમાન નોંધાયેલ જ્યારે અન્ય શહેરોમાં નીચલા તાપમાનનો પારો ૧૦ થી ૧૮ ડીગ્રી વચ્ચે રહેવા પામ્યો હતો.

રાજ્યોમાં એકંદરે પવનની ગતિ પણ ઝડપ પકડી રહી છે ત્યારે વાદળછાંયુ વાતાવરણ સર્જાતા છેલ્લા ૧૫ દિવસથી કડકડતી ઠંડીનો સામનો કરી રહેલા લોકોને આજે કાતિલ ઠંડીમાંથી પાશેરામાં પૂણી જેવી રાહત મળેલ હતી. પરંતુ માગસરનાં આખરમાં ઉદભવેલ માવઠાની સંભાવનાએ ખેડૂતોની ચિંતામાં વધારો કરેલ છે. રાજ્યમાં પવનની ગતિ આજે જુદા જુદા શહેરોમાં ૮ કિ.મી. પ્રતિકલાકથી ૨૦ કિ.મી. પ્રતિ કલાક સુધી પહોંચી હતી. રાજ્યમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે પવનની ગતિમાં નજીવો વધારો નોંધાતા હવામાં ભેજનું પ્રમાણ વહેલી સવારે ૮૧ ટકા તથા બપોર બાદ ઘટીને ૪૦ ટકા જેવું નોંધાયેલ હતું.

રાજ્યમાં આજે ગિરનાર પર્વત ૭.૫, નલિયા ૭.૮, ભૂજ ૧૧, કંડલા વિમાન મથક ૧૨, રાજકોટ ૧૨.૨, પોરબંદર ૧૨.૪, કેશોદ ૧૨.૪, કંડલા બંદર ૧૨.૪, જૂનાગઢ ૧૨.૫, સુરેન્દ્રનગર ૧૩.૫, અમરેલી ૧૪.૨, ડીસા ૧૪.૫, વલસાડ ૧૪.૫, દ્વારકા ૧૫.૨, ગાંધીનગર ૧૬.૨, મહુવા ૧૬.૩, ઓખા ૧૬.૪, વેરાવળ ૧૬.૫ અને ભાવનગર ૧૬.૬ ડીગ્રી તાપમાન નોંધાવા પામેલ. લઘુતમ તાપમાનનો પારો નજીવો ઉચકાતા લોકોને કાતિલ ઠંડીમાંથી છૂટકારો મળતાં હાશકારો અનુભવાયો હતો.

# ઉના : ચીખલીની પોલ્ટ્રી ફાર્મમાં ફક્ત પાંચ દિવસમાં ૧૦૦થી વધુ પક્ષીના મોત, લોકોમાં બર્ડ ફ્લૂની આશંકા

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૦

ઊનાના ચીખલી ગામે આવેલા પોલ્ટ્રીફાર્મ કેન્દ્રમાં છેલ્લા પાંચ દિવસથી ૧૦૦ થી વધુ મરઘાના અચાનક મોત થતાં સ્થાનિક વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. અને આ મરઘા મોત થતાં તેના પાછળ બર્ડફ્લુની શંકાને અનુલક્ષીને અધિકારીઓ પોલ્ટ્રીફામ પર ચકાસણી શરૂ કરી સમ્પલ લીધા છે. દેશમાં વકરેલા બર્ડફ્લુના કહેર સામે રાજ્ય સરકારે સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવતા કોરોના બાદ વધુ એક સંકટ ઘેરાતુ બની રહ્યુ છે. અને પક્ષીઓમાં બર્ડફ્લુનો રોગ જોવા મળતા પશુપાલન તેમજ પશુ ચિકિત્સા ડોક્ટર દ્વારા મરઘા પાલન કેન્દ્રના પક્ષીઓમાં બર્ડફ્લુના લક્ષણોના દેખાય છેકે કેમ



? તેની ચકાસણી કરવા એલર્ટ રાખેલ આ દરમ્યાન ઉનાના ચીખલી ગામે વાડી વિસ્તારમાં ભાવેશ પાંચાભાઈ ચુડાસમાની વાડીમાં મરઘા ઉછેર કેન્દ્ર પોલ્ટ્રીફાર્મ બનાવેલ હોય ત્યાં છેલ્લા પાંચ દિવસમાં ૧૦૦ થી વધુ મરઘાનો મોત નિપજેલ હોવાની વિગત મળતા તંત્ર દોડતુ થયુ હતું. અને સ્થાનિક પશુ ડોક્ટર પ્રકાશ લીંબાણી સાથે ટીમ ઘટના સ્થળે પહોચી હતી. અને પોલ્ટ્રીફાર્મ સંચાલક ભાવેશ ચુડાસમાને હકીકત પુછતાં તેણે સર્વે પ્રથમ ફાર્મમાં શિયાળ આવી જતાં એકી સાથે સોથી વધુ મરઘાને દાંત બેસાડી દીધા હોય જેના કારણે મરઘાના ટપોટપ મોત થયા હોવાની હકીકત આપતા આ વાત પશુ ચિકીસ્તકને ન ઉતરતા તેણે તાત્કાલીક જુનાગઢ ખાતે અધિકારીને વાત કરતા ત્યાથી ડો.ડી એમ પરમાર તેમજ ડો.વધાસીયા તેમની ટીમ સાથે પોલ્ટ્રીફાર્મ ખાતે પહોચી ગયેલ અને તમામ બાબતે નિરીક્ષણ કરી ચકાસણી કરેલ અને જણાવેલ કે હાલ બર્ડફ્લુના લક્ષણો દેખાતા નથી. તેમ છતાં વર્તમાન સ્થિતીને ધ્યાને લઈ આ મરઘા ઉછેર કેન્દ્ર માંથી તંદુરસ્ત ૪ અને બિમાર ૩ મરઘાના લોહીના નમૂના પરીક્ષણ માટે લીધા હતા. અને તેનો લેબટેસ્ટીંગ કર્યા બાદ રીપોર્ટ આવતા સાચી હકીકત બહાર આવશે.

માણાવદર બર્ડફ્લુના પક્ષીઓમાં રોગ જોવા મળતા ભયનું વાતાવરણ ઉભુ થયુ છે. અને સરકાર દ્વારા એલર્ટ કરાતા સર્વેની કામગીરી હાથ ધરાયેલ છે.

# ચિરાગ કાકડીયા આપ દ્વારા કોટડા સાંગાણીના ઉમેદવાર જાહેર કરાયા

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૦

રાજકોટના જાણીતા ખેડૂત આગેવાન અને પાટીદાર સમાજના યુવા અગ્રણી ચિરાગ કાકડીયાની આપ દ્વારા કોટડા સાંગાણી બેઠક માટે ઉમેદવાર પદે નામ જાહેર કરવામાં આવતા સમગ્ર રાજકોટ જિલ્લાના ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ખેડૂતોને વ્યાજબી ભાવે ઓજાર મળી રહે તે હેતુથી ચિરાગ કાકડીયા દ્વારા કિમલોપ કિસાન કેન્દ્રના નામથી રાજકોટ અને ગોંડલ સહિત સૌરાષ્ટ્રભરમાં ખેડૂત મોલ ચલાવવામાં આવે છે. ચિરાગ કાકડીયા આપમાં હાલ રાજકોટ જિલ્લા ઉપાધ્યક્ષ તરીકે પણ જવાબદારી નિભાવી રહ્યા છે અને ખેડૂતોના પ્રશ્નો પર તેઓ અવાર નવાર સરકારી તંત્રમાં વિવિધ રજૂઆતો કરતા રહેલ છે. તાજેતરમાં રાજકોટ ગ્રામ્ય



વિસ્તારોમાં દીપડાના ત્રાસ સામે ઘટતું કરવા ચિરાગ કાકડીયાની આગેવાનીમાં સરકારને આવેદન સ્વરૂપમાં વિધિવત રજૂઆત કરવામાં આવી હતી. કોટડા સાંગાણી બેઠક પર આ વખતે બાહોશ અને યુવા આગેવાન ચિરાગ કાકડીયાની ઉમેદવારીથી રાજકિય સમિકરણો બદલાશે તેવું આ વિસ્તારના સ્થાનિક લોકોનું કહેવું છે.

# ભગવત ગીતા લોક ચેતના યાત્રાનું કેશોદ ખાતે આગમન



ચક્રવાત ટીમ કેશોદ,તા.૧૦

મથુરાથી દ્વારકા ગીતાજીતી ચરિત્ર નિર્માણ અને સુરાજ્ય અંતર્ગત ભગવત ગીતા લોક ચેતના યાત્રાનું કેશોદ ખાતે પત્રકાર ઉમેશ હાંસલિયાના નિવાસ સ્થાને ટૂંકુ રોકાણ કર્યુ હતું. આ યાત્રામાં જોડાયેલ ભારતીય નિર્માણ સંસ્થાનના અધ્યક્ષ પ્રશાંત રામકૃષ્ણ ગોસ્વામી, રાષ્ટ્રીય સચિવ રાજેન્દ્રસિંહ રાજપુરોહિત (એડવોકેટ) જોધપુર, યશપાલ રાજપુરોહિત (એડવોકેટ) જોધપુર (રાજસ્થાન) નરેન્દ્રસિંહ સોઢા (એડવોકેટ) મહામંત્રી સૌરાષ્ટ્ર ઝોન કચ્છ ભૂજ સૌરાષ્ટ્ર ઝોનના અધ્યક્ષ ડો. જે.એમ. પનારા રાજકોટ વગેરે બધા મહેમાનોનું કૂળદેવી મા ઉમાના ખેસથી પ્રા. ડો. ઉષાબેન હાંસલિયાએ સ્વાગત કર્યુ હતું. આ રોકાણ દરમ્યાન ચરિત્ર નિર્માણ અને ગીતાજી દ્વારા સુશાસન અંગે ચર્ચા-વિચારણા થયેલ હતી.

# ઊનાના ૬ ગામના વિદ્યોર્થીઓને એસ. ટી. બસની સુવિધાના અભાવે ભારે પરેશાન

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૦

કોરોના વાયરસની મહામારી વચ્ચે ઘણા લાંબા સમયથી શાળા કોલેજોનું શિક્ષણ કાર્ય સરકારના આદેશ અનુસાર બંધ હોય જેના કારણે ઊના તાલુકાના છ ગામના વિદ્યોર્થીઓ શાળાએ જવાનું બંધ કરતા ઉના એસ ટી ડેપો દ્વારા તાલુકાના કોબ, ભીંગરણ, તડ, ભાડાસી, કાજરડી, સોનારી રૂટની નિયમીત ચાલતી બસ બંધ કરી દેતા આ બસના કારણે છ ગામ વચ્ચે મુસાફરી કરતા લોકો પરેશાન બની ગયા છે.

તાજેતરમાં રાજ્ય સરકારના આદેશ અનુસાર આગામી તા.૧૧ જાન્યુ ૨૦૨૧થી શિક્ષણ કાર્ય ધો.૧૧, ૧૨ નું શરૂ કરવા આદેશ થતાં આ છ ગામના વિદ્યોર્થીઓને શાળા તેમજ કોલેજોમાં ફિઝીકલ શિક્ષણ મેળવવા દૂર દૂરની શાળામાં નિયમીત અપડાઉન કરવાનુ હોય અને સવારે છ વાગ્યે ઘરેથી નિકળ્યા બાદ ૭.૩૦ કલાકે શાળાઓમાં પહોચવાનું હોય છે.

આ શાળાએ પહોચવા વાહનોની કોઈ વ્યવસ્થા ન હોય જેથી ઉપરોક્ત ગામના વિદ્યાર્થીઓને અવર જવર કરવા માટે છ થી સાત વાગ્યા દરમ્યાન એસ ટી બસ સુવિધા કાયમી માટે કોરોના વાયરસ અનુવયે માર્ગદર્શીકાઓનું પાલન કરી એસ ટી બસ તાત્કાલીક શરૂ કરવા ઉના તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ સાર્દુરભાઈ ચારણીયાએ ઊના એસ ટી ડેપો મેનેજરને રજુઆત કરી છે.

# આમ આદમી પાર્ટીના પ્રદેશ સહસંગઠન મંત્રી પદે શિવાજી ડાંગરની વરણી કરાઈ

ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૦

ગુજરાતમાં સ્થાનિક રાજકારણમાં પગદંડો જમાવવાની કોશીષ કરી રહેલ આપ દ્વારા તેમના સંગઠન વિસ્તારના ભાગરૂપે આજ રોજ આપના જામનગર જિલ્લા પ્રભારી અને ધરખમ યુવા આગેવાન શિવાજી ડાંગરની પ્રદેશ સહ સંગઠનમંત્રી તરીકે પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલીયા દ્વારા વિધિવત નિમણૂંક કરવામાં આવી છે.

વર્ષોથી જાહેર જીવનમાં અને પત્રકારત્વ ક્ષેત્રમાં કાર્યરત શિવાજી ડાંગર રાજકોટ, મોરબી, જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વિશાળ લોકચાહના ધરાવે છે. શિવાજી ડાંગરની પ્રદેશ સહ સંગઠનમંત્રી તરીકે વરણીથી સૌરાષ્ટ્રમાં આપને



વધુ બળ મળશે તે નિશ્ચિત છે. શિવાજી ડાંગર રાજકોટમાં હાલ સનેશ્વર ક્રેડિટ કો.ઓ.સો.ના ચેરમેન તરીકે કાર્યરત છે. પત્રકારત્વ ક્ષેત્રમાં પણ તેમની સુદિર્ઘ કામગીરી રહેલ છે તેમજ ભગતસિંહ ક્રાંતિદળ સાથે તેઓ જોડાઈને વિવિધ સામાજિક તેમજ દેશ સેવાની પ્રવૃત્તિઓ કરતા રહે છે.

### માછીમાર વ્યવસાયમાં મોટાપાયે કાળુનાણું ઠલવાતા મૂળ માછીમાર પાયમાલ થયા

# માછી ઉદ્યોગ બચાવવા ૪ માસ સુધી ફિશિંગ બંધ કરાવવા માંગ

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૦

સૈરાષ્ટ્રનો ૧૬૦૦ કિ.મી.લાંબા વિસ્તારમાં ફેલાયેલ દરીયા સીમાનો માછીમાર ઉદ્યોગ મરણ પથારી પર આવી ઉભો રહ્યો છે. એક તરફ મંદિનો માર તો બીજી તરફ દરીયા પેટાળમાં માછીનું ઉત્પાદન ઘટતા આ ઉદ્યોગ પર લાખો શ્રમિકો વેપારી બોટ માલીકો અને એક્ષપોર્ટ કરતા કંપનીના માલીકોના રોજગાર પર સંકટ ઉભુ થઈ રહ્યુ છે. સરકારને પણ માછી ઉદ્યોગના કારણે મળતુ હુંડિયામણ પણ ઘટ્યુ છે. હાલ બંદરો પર બોટ માલીકોને કાળી મહેનત મંજુરી કરવા છતાં અને ખર્ચ સામે આવકનું પ્રમાણ ઘટતા મુશ્કેલી અનુભવે છે. આ સંકટ માંથી બચવા માછીમાર સમાજ પાસે શું ઉકેલ છે તેવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. વર્ષો પહેલા દરીયાઈ સીમામાં મૂળ માછીમાર પોતાની બુંબલા અને જાળ પ્રધ્ધતિની ફિસીંગ કરતા હતા. તેના કારણે બંદરો પર બોટની સંખ્યા મુજબ બધા માછીમારોને આખી સીજન દરમ્યાન પુરતી માછી ફિસીંગ મળતી હતી. પરંતુ જેમ જેમ દિવસો ગયા તેમ ફિસીંગ વ્યવસાયમાં પેરાફિસીંગને છુટ આપતા મહારાષ્ટ્ર આંધ્રપ્રદેશ કેરેલા સહીતના દેશના મોટા રાજ્ય માંથી પેરાફિસીંગ સૈરાષ્ટ્રના દરીયા કિનારે થવા લાગતા દરીયામાં કિંમતી માછી તે ઉઠાવવા લાગતા સૈરાષ્ટ્રના માછીમારોએ ટ્રોલીંગ પધ્ધતિની બોટ બનાવવાનું શરૂ કરતા દરીયા સીમામાં ઉત્પાદન થતી કુદરતી નાની માછી અને બચ્ચાઓ પણ આ ટ્રોલીંગ ફિસીંગમાં આવવા લાગતા દરીયામાં માછીની દિનપ્રતિદીન ઘટ થવા લાગી અને મૂળ માછીમારો પાસે જાળ પધ્ધતિની ફિસીંગ પણ મળવી મુશ્કેલ બનતા આ નાના બોટ માછીમારો બરબાદ થઈ ગયા હતા. મત્સ્યોદ્યોગ વિભાગમાં પણ મોટામાથાઓને જાણે ટ્રોલીંગ ફિસીંગ કરવા છૂટ આપતા હોય તેમ જુના નાસ પામેલા બોટના કોલ પર ટ્રોલીંગ બોટને લાઈસન્સ મળવા લાગતા માછી ઉદ્યોગના ફિસીંગ નિયમોનો ખુલ્લે આમ ગેર ઉપયોગ થવા લાગતા આ માછી ઉદ્યોગમાં મોટા માથાએ નાના બોટ માલીકો અને પિલાણી હોડીમાં માછીમારો પર પોતાની જોહુકમી શરૂ કરી સરકારની અનેક યોજનાઓ અને નિતીઓ રાજકારણના જોર અને મતની લાલશાએ આ માછી ઉદ્યોગને બરબાદી પર મૂકી દીધો છે. જેના કારણે બંદરો પર વર્ષોથી માછીમારી સાથે સંકળાયેલા મૂળ માછીમારોના પરીવારો હાલ શ્રમિક બની ગયા છે. અને પોતાની મૂળ જાળ ફિસીંગ બોટો વેચી મારી મંજુરી કરવા લાગ્યા છે તો બીજી તરફ રાજ્ય અને કેન્દ્ર સરકારે પણ સૈરાષ્ટ્રના છેવાડાના બંદરો પ્રત્યે બેદરકારી દેખાડી બંદરોની જેટી પ્રોટેશન દિવાલો અને બોટને લંગારવાની વ્યવસ્થા ચોમાસા દરમ્યાન બોટને સુરક્ષીત રાખી શકાય તેવી વ્યવસ્થા ઉભી ન કરતા બંદરો પણ ભેંકાર બની જતા માછી ઉદ્યોગને આની મોટી અસર થઈ છે. અને રોજગાર પણ તુટી જતાં સ્થાનિક માછીમારોને પોતાના રોજગાર મેળવવા દૂર દૂરના હજારો કિ.મી. જવું પડે છે. અને તમાં પણ સીમા ભંગ થતાં પાકિસ્તાન જેવા દેશોમાં ભારતીય માછીમારોને ઉઠાવી જવાતા હોવાના કિસ્સા પણ વધવા લાગતા તેનો ભય પણ આ માછીમાર પર ઉભો થયો છે.

# ઊનાના સીલોજ ગામ નજીક હાઈવે પર વાહન અકસ્માતમાં ૪ વર્ષની દીપડીનું મોત

ચક્રવાત ટીમ ઉના,તા.૧૦

ઊનાના સીલોજ ગામ નજીક હાઈવે રોડ પર પુરઝડપી ચલાવતા અજાણ્યા વાહન ચાલક વન્યપ્રાણી દીપડીને અડફેટે લેતા અકસ્માતે દીપડીનું ઘટના સ્થળેજ મોત નિપજ્યુ હતું. ઊના કોડીનાર હાઈવે પર આવેલ સીલોજ ગામ નજીક રાત્રી સાડા દશ વાગ્યાની આસપાસ વન્યપ્રાણી દીપડી હાઈવે રસ્તાને ક્રોસ કરી કહ્યુ હોય એ દરમ્યાન પુરઝડપી ચલાવતો અજાણ્યો વાહન ચાલકે દીપડીને હડફેટે લેતા શરીરના ભાગમાં વાહનનું વ્હીલ ફરી વળતા ગંભીર રીતે ધવાયેલ હતું. અને લોહીલોહાણ હાલતમાંજ રસ્તા પર ઢળી પડેલ જ્યા તેનું ધટના સ્થળેજ મોત થયુ હતું. જ્યારે આ બનાવથી રસ્તા પરથી વાહન ચાલકોનો ટ્રાફીક જામ થયેલ હતો. લોકોએ વનવિભાગને જાણ



કરતા જશાધાર રેન્જના આર એફ ઓ જેજી પંડ્યા, વી આર ચાવડા, ભાવસિંહ સોલંકી સહીતનો ફોરેસ્ટ ટીમ ઘટના સ્થળે તાત્કાલીક દોડી ગયેલ હતી.

જોકે લોકોના ટોળે ટોળા એકત્ર થયા હતા.અને ઉના પોલીસ પણ ઘટના સ્થળે દોડી પહોચી ગયેલ હતી. વનવિભાગ દ્વારા સ્થળ પર દીપડીનો મૃતદેહ જોતા કઈ રીતે અકસ્માતમાં મોત થયેલ હોવાની તપાસ શરૂ કરેલ અને આ દીપડીના મૃતદેહનો કબ્જો લઈ વનવિભાગના વાહન મારફતે જશાધાર એનિમલકેર સેન્ટર ખાતે લઈ જવામાં આવેલ જ્યાં તેનું પી એમ માટે ખસેડાયેલ છે. વનવિભાગના અધિકારી જે જી પંડ્યાએ દીપડી અંદાજીત ચારેક વર્ષની હોય અને અજાણ્યા વાહન કાર ચાલક હોવાનું અનુમાન જણાવેલ છે. અને અજાણ્યા વાહન ચાલકને ઝડપી પાડવા તજવિજ હાથ ધરેલ છે.







# ગીરગઢડામાં પરિણીતાની માનસિક ત્રાસની ફરિયાદ

ચક્રવાત ટીમ કૈલાશ ભટ્ટ,તા.૧૦

ગીરગઢડાના લુવારીમોલી ગામે હાલ રહેતી મહીલાને તેના પતિ સહીત સાસરીયા પક્ષના સાત શખ્સો દ્વારા ઘર બાબતે શારીરીક માનસીક ત્રાસ આપતા હોવાની ઊના પોલીસમાં ફરીયાદ કરી છે. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ વિરલ જીતુ, જીતુ લાલજી રાણપરીયા, ચંપા જીતુ, હિંમત લાલજી, લાલજી મધુ, દયા હિંમત, તેમજ કૃણાલ જીતુ રાણપરીયા રહે. છેલાણા તા.જાફરાબાદ, જી.અમરેલી વાળા આ સાત શખ્સો દ્વારા ભોમીકાબેન વિરલભાઈ રાણપરીયા રહે.હાલ લુવારીમોલી તા. ગીરગઢડા ને છેલ્લા નવ માસથી ઘર બાબતે અવાર નવાર મેણા ટોણા મારી પતિ વિરલએ પત્નિને ગાળો બોલી શરીરે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી શારીરીક માનસીક દુખ ત્રાસ આપતા હોય આ બાબતે ભોમીબેનએ સાસુ સસરા,મોટા સસરા સાસુ, દિયર સહીત સાત સામે ઊના પોલીસમાં ફરીયાદ નોધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરેલ છે.

## જરૂરતમંદ લોકોને જીંદાણી પરિવાર દ્વારા ધાબળા-વસ્ત્રોનું વિતરણ કરાયુ





રાજકોટ : અહીં ખાતે તાજેતરમાં કાતિલ ઠંડીના મોજા દરમિયાન લઘુમતિ સમાજના આગેવાન આમદ જીંદાણી પરિવાર દ્વારા નરૂરતમંદ લોકોને તૈયાર કપડા, ધાબળા તથા સ્વેટરનું વિતરણ શહેરનાં જુદા સ્થળોએ જીંદાણી પરિવારના હાજીયાણી જુબેદાબેનનાં હસ્તે સદર તથા જંકશન પ્લોટમાં ઉપરોક્ત વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ ગરમ વસ્ત્રો તથા કપડા વિતરણ કાર્યક્રમને સફળ બનાવવા જીંદાણી પરિવારનાં યુવા આગેવાન સાજીદ જીંદાણીના માર્ગદર્શન-દેખરેખમાં યુવાનોની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટના નવા ગામના રીક્ષાચાલક દેવીપૂજક યુવાનની હત્યા



ચક્રવાત ટીમ રાજકોટ,તા.૧૦

શહેરના નવાગામમાં મામાવાડી વિસ્તારમાં પાઈપ-તલવારના ઘા ઝીંકી દેવીપૂજક યુવાન આકાશ કાંજીયા ઉ.વ. ૨૨ની હત્યા કરવામાં આવી છે. કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.સી.વાળા, પીએસઆઈ મેઘલાતર, હિતેશદાન ગઢવી, અરવિંદભાઈ મકવાણા સહિતનો પોલીસ સ્ટાફ દોડી ગયો હતો. હત્યાનો ભોગ બનનાર આકાશ પોલાભાઈ કાંજીયા(ઉ.વ.૨૨) રીક્ષા ચાલક છે. સાંજે ચારેક મામવાડીમાં ઘર પાસે હતો ત્યારે તેના પર તલવાર અને પાઈપથી હુમલો કરવામાં આવ્યો હતો. તેને વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ૧૦૮ મારફતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. હત્યાનો ભોગ બનનારના પિતા પણ રીક્ષા ચાલક છે. બનાવની જાણ થતાં જ મૃતકના પિતા, માતા લાભુબેન, બહેન સુનિતા, ભાઈઓ વિજય, અજય, અરવિંદ સહિતના હોસ્પિટલે દોડી આવ્યા હતા. કોઈ યુપીના મુસ્લિમ શખ્સે હુમલો કર્યાની અને જૂનું મનદુઃખ કારણભૂત હોવાની વાતે તપાસ શરૂ થઈ છે. હત્યા કરનાર આરોપીઓને ઝડપી લેવા પોલીસે ચક્રોગતિમાન ગયા છે.

# બરવાળાના સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રના અગ્રણી જયપાલસિંહ ઝાલા ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

તાજેતરમા બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ, ભીખુભા વાઘેલા, જિલ્લા ભાજપ મહામંત્રી, બ્રિજરાજસિંહ ઝાલા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગૌતમભાઈ, બરવાળા શહેર ભાજપ પ્રમુખ ભાવસંગભાઈ તલસાણીયા, બરવાળા તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ ગઢીયા, બરવાળા શહેર મહામંત્રી પરેશભાઈ તેમજ બરવાળા શહેર/ તાલુકાના અન્ય કાર્યકરોની હાજરીમા બરવાળાના સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક ક્ષેત્રના અગ્રણી જયપાલસિંહ ઝાલા ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત જોડાયા હતા, બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રી તેમજ બરવાળા શહેર તાલુકાના ભાજપના આગેવાનો દ્વારા જયપાલસિંહ ઝાલાનું ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરાવી પાર્ટીમાં સ્વાગત કરવામાં આવ્યું હતુ. જિલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રીએ અભિનંદન આપી શુભકામના પાઠવી હતી, જયપાલસિંહ ઝાલાએ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, રાષ્ટ્રીય પ્રમુખ અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ અને સાચા અર્થમા વિકાસને સાર્થક કરતી સરકાર સાથે રહી તન, મન, ધન અને વફાદારી થી પાર્ટીનુ કાર્ય કરીશ તેમ જણાવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન બરવાળા તાલુકાના ઉત્સાહી ભાજપ અગ્રણી વિજયભાઈ ડેડાણીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રભાસપાટણમાં જ્વેલર્સની દુકાનમાં ચોરી કરનાર ત્રિપુટીને ઝડપાઈ

## ૨.૨૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરતી LCB પોલીસ

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

ગીર સોમનાથ જીલ્લામાં બનતા ઘરફોડ ચોરીના ભેદ ઉકેલવા અને આરોપીઓને પકડી પાડવા એસપી રાહુલ ત્રિપાઠીની સુચનાથી એલસીબી પીઆઇ વી. આર. રાઠોડના માર્ગદર્શન હેઠળ સ્ટાફે ૩ શખ્સોને ઝડપી લીધા હતા. ગત તા. ૧૮ થી ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ની સવારે ૬ વાગ્યાના અરસામાં પ્રભાસ પાટણ મેઈન બજારમાં આવેલી પ્રિન્સ જ્વેલર્સ નામની દુકાનના તાળા તોડી તસ્કરોએ ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. એલસીબીના પીએસઆઇ કે. જે. ચૌહાણ અને સ્ટાફના એ. જી. પરમાર, કે. ડી. હડિયા, એન. જે. પટાટ, પી. જે. વાઢેર, આર. જે. ગઢિયા, એસ. એસ. ડોડિયા, ઉદયસિંહ અને વીરાભાઇ ચાંડેરાએ રામદેવસિંહ જાડેજા અને ભૂપેન્દ્રસિંહ ચાવડાની ટેક્નિકલ સહાયથી પ્ર.પાટણ મંગલમ સોસાયટીમાં રહેતા સરદારજી જશપાલસિંગ લાલસીંગ ટાંક અને તેના બે મિત્રો ભારતસિંગ શેરસિંગ ભાટિયા (ઉ. ૩૦, રે. દુધરેજ, ચુના ભઠ્ઠીની બાજુમાં, જી. સુરેન્દ્રનગર) અને તેના ભાઈ કાલીસિંગ (ઉ. ૨૧) ને પકડી આગવી ઢબે પુછપરછ કરતાં તેઓએ પ્રિન્સ જ્વેલર્સમાંથી પોતે ત્રણેય તથા સન્નીસિંગ દર્શનસિંગ દુધાણી (રે. બરોડા) સાથે મળીને ચોરી કર્યાનું જણાવ્યું હતું. આથી પોલીસે તેઓની અટક કરી કુલ રૂ. ૨,૨૮,૨૬૨ નો મુદામાલ રીકવર કર્યો હતો.

# બાલાસિનોર ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો પ્રારંભ કરતા માનનીય જયેન્દ્રસિંહ પરમાર



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૦

મહીસાગર જિલ્લાના બાલાસિનોરના કે એન હાઈસ્કુલ ખાતેથી ગુજરાત રાજયના પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહજી પરમારે કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કર્યો હતો. જેમાં અગ્રણીઓ અને ખેડૂતો સોશિયલ ડિસ્ટનસ સાથે મોટીસંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. ગુજરાતના ખેડૂતોને દિવસે વિજળી મળી રહે તે માટે રાજય સરકાર અને કેન્દ્ર સરકારને મહત્વની યોજનાની શરૂઆત કરી છે.મહિસાગર જિલ્લામાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જે પ્રારંભ કરવાના હતા તે કાર્યક્રમ પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહનું અવસાન થતાં રદ કરવાના આવ્યો હતો. રાત્રે ખેડૂતોને ખેતરમાં પિયત વેળાએ ઝેરી જીવંજતુઓ અને જંગલી જાનવરોનો ડર રહેતો હતો તેવી તમામ મુશ્કેલીઓનો અંત આવશે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરના કે એન હાઈસ્કુલ ખાતેથી ગુજરાત રાજયના પર્યાવરણ મંત્રી જયદ્રથસિંહજી પરમારે કિસાન સૂર્યોદય યોજનાનો શુભારંભ કર્યો હતો. આ યોજના બાલાસિનોરના ૪૪ ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવામાં આવશે.આ કાર્યક્રમમાં સંસદ રતનસિંહ રાઠોડ, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના પૂર્વ ચેરમેન રાજેશભાઈ પાઠક, મહીસાગર જિલ્લા ભાજપના પ્રમુખ દશરથસિંહ બારીયા, જિલ્લા ભાજપના મહામંત્રી જયેન્દ્ર બારોટ, પૂર્વ ધારાસભ્ય માનસિંહ ચૌહાણ,જિલ્લા કલેકટર આર. બી.બારડ, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, પ્રાંત અધિકારી બાલાસિનોર વિમલ ચૌધરી, નગરપાલિકા પ્રમુખ બાલાસિનોર ભુપેન્દ્ર ચૌહાણ, ખેડૂતો તેમજ અગ્રણીઓ જોડાયા હતા.

# સુરેન્દ્રનગરના મુળી અને સાયલા તાલુકામાં ખેડૂત સભા યોજાશે

## મુળી તાલુકાનાં દાધોળીયા ગામે ખેડૂત સંઘર્ષ સમિતિ દ્વારા ખેડૂત સભાનું આયોજન

ચક્રવાત ટીમ મુળી , તા.૧૦

મુળી તાલુકાનાં દાધોળીયા ગામે ખેડૂત સંઘર્ષ સમિતિ દ્વારા ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું છે તો સર્વે ખેડૂતો વહેલાસર પધારશો છેલ્લા ૪૫ દિવસ થી ચાલતા દિલ્હી મુકામે આંદોલન બાબતે જાણકારી અને સરકાર દ્વારા મુકવામાં આવેલ ત્રણ કાળા કાયદા ની વિસ્તૃત ચર્ચા સાથે ખેડૂતો ને ક્યાં અસરકર્તા રહેશે તે અંગે આગેવાનો દ્વારા માહિતી સાથે સમજ આપવામાં આવશે તો મુળી તાલુકાનાં દાધોળીયા ગામે સવારે ૧૦ કલાકે ખેડુત મિત્રો હાજરી આપી આપણી લડત આપણે જ લડવાની હોય આપની હાજરી અવશ્ય આપશો. આગેવાનો, ખેડૂત સંઘર્ષ સમિતિ ગુજરાતનાં ડાયાભાઈ ગજેરા, કિશાન કોંગ્રેસ ચેરમેન ગુજરાતનાં પાલભાઈ આંબલીયા, પૂર્વ ધારાસભ્ય રાજકોટ ઈન્દ્રનીલ ભાઈરાજ્યગુરુ, હેમંતભાઈ વિરડા રાજકોટ, અલ્પેશ ભાઈ ગાબુ, સહિત અન્ય આગેવાનો ઉપસ્થિત રહેશે. ખેડૂત સભા-સરલા તા. મુળી બપોરે ૨ કલાકે યોજાશે તેમાં આજુબાજુ ગામોના ખેડૂતોએ હાજરી આપશો. ખેડૂત સભા- ખીટલા તા, સાયલા મુકામે સાંજે ૬ કલાકે યોજાશે તેમાં તાલુકા નાં ખેડૂતો ખાસ ઉપસ્થિત રહેવા ખેડૂત સંઘર્ષ સમિતિ ગુજરાત વતી સુરેન્દ્રનગર જીલ્લા સમિતિ એ જણાવેલ છે.

# ઉપલેટા પોલીસને મળી મોટી સફળતા ડુમીયાણી ગામ પાસે લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો પકડ્યો



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા/ ઈમરાનભાઈ ઉપલેટા, તા.૧૦

રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ અધ્યક્ષ બલરામ મીણા સાહેબ તથા મદદનીશ પોલીસ અત્યંત સાગર બાગમાર જેતપુર વિભાગ જેતપુરનાઓએ તરફથી દારૂ જુગારની બંધી સંપૂર્ણ નેસ્તનાબૂદ કરવા આપેલ સુચના અન્વયે તેમજ ઉપલેટા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન રાણા ભાવેશભાઈ બોરીચા તથા પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ ગોંડલીયા તથા ગગુભાઈ ચારણ સંયુક્ત માં ચોક્કસ બાતમી રાહે હકીકત મળેલ કે ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામે નેશનલ હાઈવે રોડ નજીક આવેલ શ્રી શ્રીરામ પોલી ટેક કારખાનાની પાછળના ભાગે બાવળની આવાવરૂ જગ્યામાં અતુલભાઈ અમીરભાઈ ભારાઈ હાલ ડુમિયાણી તાલુકો ઉપલેટા વાળા એ ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારેલ હોય તેવી હકીકતના આધારે સદરહુ જગ્યાએ રેડ કરતા એક સફેદ કલરના ટાટા ૪૦૭ ગાડી પડેલો હોય તેના પાછળના ભાગે અવાવરુ જગ્યાએ જમીન ઉપર ભારતીય બનાવટની વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડ ની બોટલો ની પેઢીઓ મળી આવેલ છે. મેકડોવેલ નંબર૧,રોયલ ચેલેન્જ ક્લાસિક પ્રીમિયમ વિસ્કી bull આઈ ક્લાસિક tata કંપની નું ૪૦૭ સફેદ કલર ગાડી મળીને કુલ મુદ્દામાલ ૨૮.૭૧.૫૮૦ લાખનો મુદ્દામાલ મળી આવેલ આરોપી અતુલભાઈ હમીરભાઈ ભારાઈ. કામગીરી કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન રાણા, પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ બોરીયા, ભુપેન્દ્રભાઈ સોલંકી, મહેન્દ્રભાઈ ધાધલ, વિશાલભાઈ હુંણ, દિનેશભાઈ ગોંડલીયા, યાસીનભાઈ બુખારી, ગગુભાઈ ચારણ, મહેશભાઈ સારીખડા, વાસુદેવસિંહ જાડેજા, વનરાજભાઈ રગીયા, જશવંતભાઈ સારીખડા, કુલદીપસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, ગિરિરાજસિંહ ચુડાસમા, મહેશભાઈ રાઠોડ વગેરે જોડાયા હતા.

## પ્રભાસ પાટણમાં શિવ પોલીસ ચોકી પાસે બાઇક સવારે

# ટ્રાફિક પોલીસ સાથે ગેરવર્તન કરી બીભત્સ શબ્દો બોલતા ફરજમાં રૂકાવટની ફરિયાદ

ચક્રવાત ટીમ, તા.૧૦

ગીરસોમનાથનાં પ્રભાસપાટણમાં શિવ પોલીસ ચોકી પાસે વાહનોનું ચેકિંગની કામગીરી ચાલી રહેલ તે સમયે એક બાઈક ચાલકની સાથે રહેલા શખ્સે ટ્રાફિક પોલીસ સાથે ગેરવર્તન કરી ફરજમાં રૂકાવટ કરી હતી. જે ઘટના અંગે ટ્રાફિક શાખાના કર્મચારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરજ રૂકાવટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ શિવ પોલીસ ચોકી પાસે હે.કો. ચંદુભાઈ ચુડાસમા, પો. કો. દેવજીભાઈ, પ્રવીણભાઈ પરમાર સહીતના વાહનોનું ચેકિંગ કરી રહેલ હતા. આ સમયે બાઈક નં. જી.જે. ૩૨ એ. ૯૮૪૪ પસાર થતા તેને રોકાવી ચાલક પાસે લાયસન્સ સહીતના કાગળો માંગતા તે સાથે નહિં હોવાનું જણાવેલ હતુ. જેથી મોટર સાયકલ કલમ ૨૦૭ મુજબ ડીટેઈન કરી હતી. બાઈક ચાલક અલ્વી બડામીયાની સાથે પાછળ બેસેલ રફીક સૈયદ મહમદ કાદરી (ઉ.વ.૩૦) નામના શખ્સે જરૂરી કામે નીકળેલ હોય તો કેમ ડીટેઈનની પહોંચ આપી. તમારી લુખ્ખાગીરી ચલાવો છો? તેમ બોલી ગેરવર્તન કરી ટ્રાફિક પોલીસ સ્ટાફનાં જવાનને બીભત્સ શબ્દો બોલ્યા હતાં. જેથી ટ્રાફિક શાખાના કર્મચારી પ્રવિણભાઈ પરમારે રફીક સૈયદ સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૧૮૬, ૫૦૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. કડછાએ હાથ ધરી છે.

# વેરાવળ અને પ્રભાસપાટણમાં જુગારધામ પર દરોડા પાડી ૯ જુગારીઓની ધરપકડ

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

વેરાવળ તથા પ્રભાસપાટણ વિસ્તારમાં બે સ્થળોએ પોલીસે દરોડો પાડી પાના ટીંચતા નવ જુગારીઓને રોકડા રૂ.આઠ હજાર સાથે ઝડપી લીધા હતા. જયારે દરોડા દરમ્યાન બે જુગારી નાસી છુટતા તેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર પ્રભાસપાટણમાં કોળીવાડાના નાકા પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સો (૧) પુંજા ડાયા ભરડા (૨) હુશેન આદમ ગોહેલ (૩) મહમદ ઈબ્રાહીમ કાલવાત (૪) નુરમહમદ સીદી ભાદરકા (૫) સલીમ હુસેન ભાદરકા ને રોકડ રૂ. ૫૧૨૦ સાથે એ.એસ. આઈ. હેમતભાઈ પુનાભાઈ સહીતના સ્ટાફે ઝડપી લીધા છે. આ ઉપરાંત વેરાવળમાં મોટા કોળીવાડામાં આવેલ જુના ગરબી ચોક પાસે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સો (૧) વિનુ પીઠાભાઈ ગોહેલ (૨) લિયાકત હુસેન સૈયદ અલી કાદરી (૩) નરસી ગોવિંદ પંડીત ને રૂ. ૩૦૧૧ સાથે ઝડપી લીધા છે જયારે પ્રફુલ નારણ ઉર્ફે નાનો પંડીત તથા લાલજી વીરા ગાવડીયા નાસી છુટતા તેને ઝડપવા ચક્રો ગતિમાન કરેલ છે.

# વેરાવળ શહેરની મામલતદાર કચેરીમાં રાઈટર/સનદદારની નિમણુંક કરવા માંગણી

ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

વેરાવળમાં આવેલી સિટી મામલતદાર કચેરીમાં સનદદારોની નિમણુંક કરવા માટે સૌરાષ્ટ્ર દલિત સંગઠન દ્વારા નાયબ કલેક્ટર સહિતનાને રજૂઆત કરી માગણી કરી છે. આ અંગે સૌરાષ્ટ્ર દલિત સંગઠન દ્વારા નાયબ કલેક્ટરને કરાયેલ રજૂઆતમાં જણાવ્યું છે કે, ગીર-સોમનાથ જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ છેલ્લા દોઢેક વર્ષથી સીટી મામલતદાર તથા ગ્રામ્ય કચેરી અલગ કરવામાં આવી છે. વેરાવળ-પાટણ શહેરના તમામ અરજદારોએ જરૂરી કામ માટે ડોમીસાઈલ, જાતિ પ્રમાણપત્ર, આવક, સિનીયર સિટીઝન સહિતના દાખલાઓ-પ્રમાણપત્રો કઢાવવા માટેની કામગીરી આ સિટી કચેરીમાં થતી હોય છે. મોટા ભાગના અરજદારો અજાણ હોવાના કારણે પોતાની અરજી તૈયાર કરી શકતા ન હોય તેથી અરજી લખાવવા માટે પીટીશન રાઈટરો - સનદદારોની જરૂરિયાત પડતી હોઈ છે. આ કચેરીમાં એક પણ સનદદાર નથી તેથી અરજદારોને ગ્રામ્ય કચેરીએ જવું પડે છે અને ત્યાંથી પણ જુદી-જુદી કચેરીએ ધકકા ખાવા પડે છે ત્યારે શહેરીજનોના કામ માટે સિટી મામલતદાર કચેરીમાં જ સનદદારો/પીટીશન રાઈટરોની તાત્કાલિક નિમણુંક કરવામાં આવે તેવી માંગ કરી છે.

# મીઠાં ગોઢાના ઉપસરપંચની રાજીનામુ આપવાની ચીમકી



ચક્રવાત ટીમ પાટડી, તા.૧૦

સુરેન્દ્રનગર જીલ્લાના પાટડીના મીઠાગોઢા ગામના જાહેર રસ્તા ઉપર ગંદકીનું સામ્રાજ્ય હોવાથી ઉપ સરપંચે આ ગંદકી દૂર કરાવવા માટે સરપંચને વારંવાર વિંનતી કરેલ પરંતુ આજ દિન સુધી સરપંચ દ્વારા કોઈ પણ જાતની કાર્યવાહીના કરતા ઉપ સરપંચે રાજીનામું આપવાની ચીમકી આપી હતી.

# સુત્રાપાડાનાં લાટી ગામમાં ભાજપે માસ્ક અને સોશીયલ ડિસ્ટન્સના ઉડાવ્યા ધજાગરા



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૦

ઉત્તરાયણને લઈને સરકાર કોરોના માટે નિયમો બહાર પાડે છે અને બીજી બાજુ નેતાઓને કોઈ પણ નિયમ નથી લાગુ પડતા ત્યારે ત્યારે નિયમો લોકો માટે જ બનાવવા આવે છે એવું લોકમુખે ચર્ચાય રહ્યું છે. સ્થાનીક સ્વરાજયની ચૂંટણી ટુક સમયમાં આવી રહી છે ગીરસોમનાથ જિલ્લામાં ત્યારે ભાજપ ગામડાઓમો પ્રવાસ ચાલુ કરવામાં આવ્યા છે. જેમા ગીરસોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકા ભાજપ દ્વારા લાટી ગામની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં લાટી અને હરણાસા તાલુકા પંચાયતની બેઠક અંગે ચર્ચા કરવામાં આવી હતી. પરંતુ આવેલા નેતાઓએ કોરોનાને કિનારે કરી નાખ્યો હતો બેઠકમાં ન માસ્ક જોવા મળ્યું કે ન સામાજિક અંતર પાલન થતું જોવા મળી રહ્યું છે.બેઠકના કોરોના નિયનનું પાલન ન કર્યુ હોય તેવા ફોટો પણ સોસીયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યા છે. ત્યારે નિયમો લોકો માટે જ બનાવવા આવે છે અને નેતાઓ માટે અલગ બનાવવામાં આવે છે. લાટી ગામે ભાજપની બેઠક યોજાય તેમાં ગીરસોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ માનસિંગ પરમાર, જિલ્લા ભાજપ મહામંત્રી સરમણ સોલંકી, જિલ્લા મંત્રી અને સુત્રાપાડા પ્રભારી પ્રવીણ આમહેડા, ધીરુ સોલંકી, બાબુ પરમાર, સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ ભગવાન બારડ સહિત નેતાઓ હતા.

# બોટાદની પટેલ ઓર્થોપેડિક હોસ્પિટલ અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી ફ્રી નિદાન કેમ્પ યોજાયો



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

બોટાદશહેરમાં આવેલ પ્રતિષ્ઠિત પટેલ ઓર્થોપેડિક હોસ્પિટલ અને રેડક્રોસ સોસાયટીના સહયોગથી આજરોજ પટેલ હોસ્પિટલ ખાતે સાંધાના દુખાવા તેમજ ઓર્થોપેડિક તકલીફોના દર્દીઓ માટે ફ્રી નિદાન કેમ્પ યોજાયો હતો. આ નિદાનકેમ્પમાં ડો.હિતેશ કુકડીયા અને ડો.શૈલ પટેલ દ્વારા અંદાજિત દિવસ દરમિયાન ૧૮૫ દર્દીઓનું નિદાન કરવામાં આવ્યું હતું. જેમાં દર્દીઓના કેસથી માંડી એકસ-રે, દવા સહીત નિદાન વિનામૂલ્યે કરવામાં આવતા સૌ લાભાર્થીઓએ ડો.હિતેશ કુકડીયા તેમજ રેડક્રોસ સોસાયટીના સંચાલકોનો આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે નોંધનીય છે કે ડો. હિતેશ કુકડીયા સેવાકીય પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર રહે છે તેમાં તેવો આવા ફ્રી નિદાનકેમ્પ ઘણા બધા કરી ચુક્યા છે અને રેડક્રોસ જેવી સંસ્થાઓની મદદથી ભવિષ્યમાં પણ આવા ફ્રી નિદાનકેમ્પ કરતા રહેશે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેઓએ માનવતાનું એક ઉમદું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# જાયન્ટસ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આયોજિત ફ્રી બ્લડ રીપોર્ટ કેમ્પ યોજાયો




ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

જાયન્ટસ ગૃપ ઓફ બોટાદ દ્વારા ફ્રી બ્લડ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યું જેમાં આજરોજ ૧૦૦ લાભાર્થીઓએ લાભ લીધેલ. જેમાં ગ્રુપ ના કેતનભાઈ રોજાસરા, દિલીપભાઈ ભલગામિયા, કલ્પે શભાઈ ગાંધી, દીપકભાઈ માથુકિયા અને ગ્રુપના સભ્યો દ્વારા સેવા આપવામાં આવેલ. આ બ્લડ રિપોર્ટ દ્વારા ૯૮ પ્રકારના ટેસ્ટ કરવામાં આવલ. જેનો બોટાદ જિલ્લાના ૧૦૦ લોકોએ લાભ લીધેલ. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આજે બ્લડ દ્વારા ૯૮ રિપોર્ટ કરવામાં આવ્યા. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા આવા અનેક સામાજિક પ્રવુતિ ઓ કરવામાં આવેછે જેમકે બ્લડ ડોનેટ કેમ્પ, ઉકાળા વિતરણ, વૃક્ષા રોપણ, રાહત દરે બાળકોને નોટબુક વિતરણ, તેમજ કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા સાથે રહી કાર્ય કરવામાં આવે છે. જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી આવા કર્યો કરવામાં આવે છે.

# એકતા દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા એકતા દિવ્યાંગ ગ્રુપ બાલાસિનોરની મુલાકાતે



ચક્રવાત ટીમ મહીસાગર, તા.૧૦

મહિસાગર જિલ્લાના બાલાસિનોર મુકામે એકતા દિવ્યાંગ અધિકાર મંચ જુનાગઢ મુલાકાતે આવ્યું. તેમાં એકતા દિવ્યાંગ અધિકાર મંચના પ્રમુખ ખરોડ રમેશ બી./ મહામંત્રી પટેલ ગોવિંદભાઈ તથા ખેડા જિલ્લામાં પ્રદેશ મંત્રી પટેલ પ્રજ્ઞેશ આર. તેમજ એકતા દિવ્યાંગ ગ્રુપના પ્રમુખ રિયાજભાઈ શેખ તથા પંછીભાઈ વણઝારા સેનવા ભાસ્કરભાઈ તેમજ દિવ્યાંગ મિત્રો હાજર રહ્યા હતા. આ મિટિંગમાં દિવ્યાંગો ને લગતી યોજનાઓની માહિતી તેમના પ્રશ્નો,બસ પાસથી લઈને સાધન સહાય યોજના અને સાધન સહાય યોજનામાં સુધારો થવો જોઈએ માહિતી આપવામાં આવી હતી. તથા એકતા દિવ્યાંગ અધિકાર મંચ ના સૂર્યાબેન પર લોક પામ્યા તેઓને યાદ કરીને મોન રાખીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# દસાડા તાલુકાના પાટડીમાં ગરમ કપડાનું વિતરણ



ચક્રવાત ટીમ પાટડી, તા.૧૦

આજરોજ સુરેન્દ્રનગર જીલ્લાના દસાડા તાલુકાના પાટડી ખાતે સમાજ સેવિકા મીનાબહેન દેસાઈ તથા રૂપલબહેન પંચાલ દ્વારા પાટડીનગરમા ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગરીબ બાળકોને તેમજ હીમતપુરા, નારણપુરાના અગરીયાના જરૂરીયાતમંદ બાળકોને ઠંડીથી રક્ષણ મળે માટે સ્વેટરનુ વિતરણ કરવામાં આવેલ.

## તંત્રીસ્થાનેથી......

# ખેડૂત આંદોલન : મોદી સરકાર નવા કૃષિકાયદા પરત કેમ નથી ખેંચતી?

યાકુબ બાદી
તંત્રી

કેન્દ્ર સરકાર ઈચ્છે તો છે કે ખેડૂત નેતાઓ સાથે વાતચીત કરીને નવા કૃષિકાયદાઓ પર વચ્ચેનો કોઈ માર્ગ કાઢી શકાય. પરંતુ ખેડૂતનેતાઓ કાયદો પાછો ખેંચી લેવાની માગ પર અડગ છે. અત્યાર સુધી સરકાર અને ખેડૂતો વચ્ચે પાંચ તબક્કાની વાતચીત થઈ ચૂકી છે. પહેલાં સચિવ સ્તરની વાતચીત થઈ, પછી મંત્રી સ્તરની વાતચીત થઈ, પછી મંગળવારે રાત્રે સરકારમાં બીજા ક્રમનો દરજ્જો ધરાવનાર અમિત શાહની ઍન્ટ્રી થઈ. પરંતુ ખેડૂતોને મનાવવાના પ્રયત્ન અત્યાર સુધી નિષ્ફળ જ સાબિત થયા. પાછલા શનિવારે સૂત્રોના હવાલાથી એ પ્રકારના સમાચારો પણ આવ્યા કે ખેડૂતોની બેઠક પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વરિષ્ઠ મંત્રીઓ સાથે આ મુદ્દે બેઠક કરી છે. કેન્દ્ર સરકાર આવી વાતચીતથી એ સંકેત આપવાના પ્રયાસ કરી રહી છે કે સરકાર પોતાની વાતને લઈને અફર નથી. મોટું મન રાખવાનો દેખાવ કરતાં તેમણે ખેડૂતોની વાત પર વિચાર કર્યો અને કાયદામાં કેટલાંક સંશોધન અંગે લેખિત પ્રસ્તાવ પણ બુધવારે મોકલી દીધો. ખેડૂતોએ સરકારના લેખિત પ્રસ્તાવને ફગાવી દીધો છે. આ સાથે જ સરકાર એ વાત પણ સ્પષ્ટપણે કરી રહી છે કે નવા કૃષિકાયદાઓ પાછા નહીં ખેંચવામાં આવે. આવી પરિસ્થિતિમાં પ્રશ્ન થાય છે કે આખરે સરકાર આ કાયદાઓ પાછા ખેંચી લેવા માટે કેમ તૈયાર નથી ? શું તેની પાછળ માત્ર રાજકીય કારણ છે કે પછી કંઈક કૃષિક્ષેત્રના અર્થશાસ્ત્ર સાથે પણ સંકળાયેલું છે ? શું જે પ્રકારે કૅનેડા અને બ્રિટનમાંથી ખેડૂતોના સમર્થનમાં અવાજો ઊઠી રહ્યા છે, તેમાં કોઈ આંતરરાષ્ટ્રીય ઍંગલ પણ છે ? ભાજપ હાલ સત્તામાં સૌથી મજબૂત સ્થિતિમાં છે, અત્યારે નહીં તો ક્યારેય નહીં વાત કેન્દ્ર સરકારને કાયદા પરત ન ખેંચવા મજબૂત કરે છે. સરકારનું માનવું છે કે ખેતીસુધારા માટે આ કાયદા જરૂરી છે. આ જ કારણે દ્રઢછ જ નહીં પરંતુ છના કાર્યકાળમાં પણ આ સુધારાઓ અંગે વાત કરાઈ હતી. શરદ પવારના પત્રોથી આ વાત સ્પષ્ટ પણ થાય છે. પરંતુ કોઈ રાજકીય પક્ષ પાસે ના તો આ સુધારા કરવાની ઈચ્છા શક્તિ હતી અને ના સંસદમાં સંખ્યા હતી. ભાજપ કેન્દ્રમાં ૩૦૦ કરતાં વધારે બેઠકો સાથે સત્તામાં છે. જો ખેતી સુધારા અંગેના કાયદા અત્યારે લાગુ નહીં કરાયા તો ક્યારેય લાગુ નહીં કરી શકાય તેવો સરકારનો મત છે. આ પહેલાં કેન્દ્ર સરકાર ' ભૂમિ અધિગ્રહણ બિલ ' લઈને આવી હતી. તેના પર તેમણે પીછેહઠ કરવી પડી હતી. ત્યારે રાહુલ ગાંધીએ સંસદમાં કેન્દ્ર સરકાર માટે 'સૂટબૂટની સરકાર'નો નારો આપ્યો હતો. આનાથી સરકારની ઘણી ફજેતી થઈ હતી. આ કાયદાઓને વડા પ્રધાનથી માંડીને કૃષિમંત્રી સુધી અલગઅલગ મંચો પરથી અત્યંત ક્રાંતિકારી અને ખેડૂતો માટે હિતકારી ગણાવી ચૂક્યા છે. આટલું બધું થયા પછી કાયદા પાછા ખેંચાશે તો તે સરકારની શાક પર ડાઘ લાગ્યા જેવી વાત થશે. અહીં એ વાત સમજવા જેવી છે કે ભૂમિસુધારા કાયદા પર રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ સરકાર સાથે નહોતો. પરંતુ આ વખત ઈજીજી સાથે સંબંધિત ખેડૂત સંગઠનો, ભલે તે સ્વદેશી જાગરણ મંચ હોય કે ભારતીય કિસાન સંઘ, તેઓ આ કાયદાઓને ખેડૂતોના હિતમાં ગણાવી રહ્યા છે, પરંતુ બે-ત્રણ સુધારા સાથે. વિપક્ષી દળો પણ પોતપોતાના કાર્યકાળમાં આની માગ કરી ચૂક્યાં છે. કેન્દ્રીય કાયદામંત્રી રવિશંકર પ્રસાદે બે દિવસ પહેલાં એક પત્રકારપરિષદ કરીને જણાવ્યું કે કેવી રીતે કૉંગ્રેસ, NCP અને અન્ય દળોએ પોતપોતાના સમયમાં આ પ્રકારના કાયદાનું સમર્થન કર્યું હતું.

# ‘Krossing ગર્લ’



## પ્રકરણ ૩૭

હું ગીતા અને હરિદાસબાપુ જોડે ’સર્જન બાગ’ માં પ્રવેશ્યો. ગીતાએ ત્યાં જ ઉભા રહી બૂમ પાડી. "પ્રકાશભાઈ, અહીંયા આવજો."

પ્રકાશભાઈ બધા વચ્ચે જગ્યા કરી આવી પહોંચ્યા. "બોલ બેટા, હવે મારે શું કરવાનું છે ? હું તો હવે ગામનો કહેવાનો સરપંચ રહ્યો. સાચી સરપંચ તો તું જ છે. બધાએ તારો હુકમ માનવો પડે છે." હાજર રહેલાં લોકો હસી પડ્યા.

"સાચી વાત છે પ્રકાશ, હજુ સુધી માનતા દિકરી ઘર અને કુટુંબને સાચવી જાણે, ગીતાએ આ એક બાગ બનાવી ગામ શું આ મલકને એક તાંતણે બાંધી દીધો છે. આટલા ટૂંકા સમયમાં આ વેરાન ભૂમિને લીલીછમ્મ બનાવવી એ કંઈ ખાવાના ખેલ નથી. પણ એને કરી બતાવ્યું. ગામને આજે તમારા બન્ને ભાઈ બહેન પર ગર્વ છે." હરિદાસ બાપુ ગીતાના માથે હેતથી હાથ ફેરવતાં બોલ્યા.

"હે, ભગવાન બસ કરો તમે બંન્ને .....હજુ આપણે ફક્ત શરૂઆત કરી છે. ઘણું કામ કરવાનું બાકી છે. મેં ફક્ત દિશા બતાવી છે. બાકી આ કામ માટે દરેક વ્યક્તિએ પોતાનું યથાશક્તિ યોગદાન આપ્યું છે. પ્રકાશભાઈ તમે અને બાપુ કાના સાથે બાગની મુલાકાત કરી લો. ત્યાં આમ બધા થોડાક બાકી છે એ સપનાં વાવી દઈએ. એક મિનિટમાં બધા વિખેરાઈ ગયા ફક્ત અમે ત્રણ જ હતાં. હું ચાલવાનું શરૂ કરવા ગયો ત્યાં પ્રકાશભાઈએ ઉભા રહેવાનો ઈશારો કર્યો. એક જુવાનીયો ટ્રેલરઅને ગાડાના કોમ્બિનેશન જેવું વાહન લાઈને આવી પહોંચ્યો. જેમાં અમે ગોઠવાયા.

વાહન ચાલુ થયું. અમારી સફર શરૂ થઈ.

"ક્રિષ્ના, આ વાહનનું નામ ’પ્રવાસ રથ’ છે. આ સોલારઉર્જાથી ચાલે છે. આ વાહન જે હાંકે છે એ ચંદ્રેશે જાતે બનાવ્યું છે. એને વાહનનું ગેરેજ છે. પણ બુદ્ધિએના બાપની. એને તો ફક્ત આ બાગની જરૂરિયાત માટે દેશી કારીગરી અજમાવી બનાવ્યું છે. ગીતાએ વાહન જોઈને એની ના હોવા છતાં પેટર્ન રજીસ્ટર કરાવી દીધી. અત્યારે એનાથી ઓર્ડર લેવામાં નથી પોગાતું. આટલાં કામ વચ્ચે પણ એ એકકાતરા અહીં ૨ કલાક સેવા દેવા આવે છે.

તારા ગયા પછી બીજે દિવસે ગીતા લાયબ્રેરીની મુલાકાતે આવેલી. ત્યારે હું હાજર હતો. અમારે ગામની સમસ્યાઓ અને બીજી અનેક વાતો થઈ. લગભગ ત્રણ કલાક સુધી. એને ઘણું બધું થઈ શકે એવી શક્યતાઓ રજૂ કરી. અમારો પનારો વાસ્તવિકતા જોડે હતો. અમે આવું કેમ ના થઈ શકે એના કારણો રજૂ કર્યા. એ ચોથે દિવસે ફરી આવવાનું કહીને ગઈ. અમને એમ હતું જુવાન લોહી છે. થોડું ધગશે, ઉકળશે, થોડા અનુભવો બાદ આપમેળે ઠરી જશે.

આ બાગનો મુખ્ય ચોક છે. અહીંથી ૮ રસ્તા નોખા પડે છે. એટલે કે બાગ કુલ ૮ વનમાં વહેંચાયેલો છે. દરેક ભાગમાં પાછા ૨૪ અલગ વિભાગ. બીજા ૫ સ્પેશ્યલ ઝોન અલગ. આમ જુવો તો સાંકળની જેમ બધું જોડાયેલું છતાં અલગ. તું નજર ફેરવતો રહેજે. દરેક વિભાગ વિશે વિગતવાર માહિતી તને મળી રહેશે. બીજી જરૂરી વાતો હું તારી સાથે કરતો રહીશ. દરેક મુલાકાતી માટે આ નિયમ છે. આપણે ૪૦ મિનિટમાં આખી સફર પુરી કરી લેશું.

મને મારી આંખો પર વિશ્વાસ નહોતો આવતો. ફક્ત ૪ મહિનામાં આવડું મોટું કામ કંઈ રીતે શકય બને ? અમે પહેલાં વિભાગ ’જળવન’ માં દાખલ થયા. અહીંયા ફળ આપનાર વૃક્ષોની નેમ પ્લેટથી આખી હાર શોભતી હતી. જો કે, હજુ બધા ઉછરી રહ્યા હતાં.

"હા, તો ગીતા ૪ દિવસ પછી સાંજના સમયે આવી પહોંચી. અમને એમ કે આગ ઠરી ગઈ હશે. એ સાવ નોખી માટીની બનેલી હતી. એને પર્સમાંથી એક કાગળ કાઢ્યો. તેમાં તેને વિચારેલા આયોજનનો આખો નકશો દોરેલો હતો. એનું વિગતવાર પ્લાનિંગ અને નોલેજ જોઈને હું અને બાપુ દિગ્મૂઢ બની ગયા. આ છોકરી અહીં નાનકડા ગામમાં રહી આવું વિચારી પણ કંઈ રીતે શકે ? હું ત્યારે બોલી ફક્ત એટલું જ બોલી શકેલો. "ગીતા તારો વિચાર બહુ સારો છે. આ અશક્ય છે. એ પણ આટલાં ટૂંકા સમયમાં ? શેખચલ્લીના સપનાં જેવી વાત છે."

"સરપંચ સાહેબ, આ બધું મારે કરવાનું છે. તમારે ફક્ત મને જરૂર પડે ત્યાં મદદ કરવાની છે. અને બાપુ ગામનો કોઈ માણસ પોતાના સ્વાર્થ માટે વિરોધ કરે તો તમારે એને અટકાવવવાનો છે. બાકી હું જાતે ફોડી લઈશ. તમે બંને આટલું તો કરી શકશો ને ?"

એનો જુસ્સો, વિશ્વાસ અને કશુંક કરી દેખાડવાની ધગશ ત્યારે જોવા જેવી હતી. અમારી પાસે હવે હા પાડવા સિવાય કોઈ રસ્તો નહોતો. " ગીતા આ બધામાં કેટલો ખર્ચ થશે એનો તને અંદાજ પણ છે ? આ પૈસા ક્યાંથી આવશે ?"

એને બીજો એક કાગળ અમારી સામે ધર્યો. "આમાં અંદાજીત ખર્ચની રકમ છે. હજુ ફાઈનલ ગણતરી બાકી છે. એ બધું થઈ રહેશે. તમારે ફક્ત બધાને સાથે રાખીને ચાલવાના છે. મુખ્ય કામ ફક્ત નકશામાં દર્શાવ્યું એ નથી. ખર્ચની નીચે ૭ વિષયો લખ્યા છે એ છે. હું અને બાપુ ગીતાને મનોમન વંદન કરી રહ્યા હતાં. પ્રોજેક્ટ હતો. ’સર્જન બાગ’."

અમે ’અગ્નિ વન’ માં પ્રવેશી ચુક્યા હતાં. કદાચ આ વિભાગ ઔષધ વન તરીકે આકાર પામવાનો હતો. પ્રકાશભાઈ એ આગળ ચલાવ્યું.

"’સર્જન બાગ’. મૂળ તો આ જમીન સરકારી ખરાબો અને ગૌચર માટે અનામત હતી. સરકારે આવી જમીન અમુક પ્રકારની ખેતી માટે લિઝ ઉપર આપવાનું શરૂ કરેલું. ગીતા એ કાયદા હેઠળ ફક્ત ૧૫ દિવસમાં આ પ્રોજેકટની મંજૂરી લઈ આવી. પ્રોજેકટ ૩૦૦ એકર જમીનને વૃક્ષોથી હરિયાળો બનાવી દેવાનો હતો. એ બધા કરતાં વિશેષ હતું લોકોની લાગણીનનું ડાયરેકટ જોડાણ.

માફ કરજે. એની અસરમાં હું ઘણાં અંગ્રેજી શબ્દો બોલતો થઈ ગયો છું. એ ફંડ ક્યાંથી લાવી એ આજ સુધી રહસ્ય છે. એને ગામમાંથી એક રૂપિયો નથી ઉઘરાવ્યો. એને કુલ સાત ટીમ બનાવી. દરેકને એની ક્ષમતા મુજબ કામ વહેંચી દીધા. મારી અને બાપુની નજર સામે એ જે રીતે બધું સંભાળી રહી હતી એ કાબિલે તારીફ હતું. એની લોકો સાથે સંબંધો કેળવવાની આવડત ગજબની હતી. એને બહુ ઝડપથી આજુબાજુના ૨૪ ગામોને આ પ્રોજેકટ સાથે સાંકળી લીધા. વરસાદનું વિઘ્ન પણ પ્રોજેકટને રોકી શક્યું નહીં.

ગીતાએ દરેક વૃક્ષ એક વ્યક્તિને દત્તક આપી દીધું. શ્રદ્ધાંજલિ,જન્મદિવસ, પ્રિયજનને ભેટ, લગ્નની વર્ષગાંઠ, પશુઓના જન્મથી લઈને પ્રેમ સુધી જાતભાતની સિદ્ધિ કે વિચારો સુધી. કોઈ વ્યક્તિ સાવ નવો વિચાર લઈને વૃક્ષ દત્તક લે તો એક એને સરપ્રાઈઝ ઈનામ મળતું. આ બધામાં સહુથી અગત્યની યોજના હતી. "સપનાનું વાવેતર’.

અમે ’ગગન વન’ માં પ્રવેશી રહ્યા હતાં. આ વિભાગ મેં જેના આજ સુધી નામ નહોતાં સાંભળ્યા એવા વૃક્ષો ઉછેરી રહ્યો હતો. ૨૪ ગામના ધો પ. પછીના દરેક છોકરા અને છોકરીએ એક વૃક્ષ દત્તક લેવું ફરજીયાત હતું. પોતાના સપનાં સ્વરૂપે. એક કરતાં વધુ પણ લઈ શકે. વૃક્ષો વાવવાની પ્રાયોરિટી આ વિધાર્થીઓને મળતી. એ વાવ્યા પછી વૃક્ષના ઉછેરની જવાબદારી એના પરિવારની રહેતી. જ્યારે એ સપનાને ઉછેરવાની જવાબદારી ’સર્જન બાગ’, ટીમની હતી. ગીતાએ એ સપનાઓ અને એના ફોલોઅપ માટે ૩ સ્તરની ટીમની રચના કરી. એ માટે એક એપ બનાવી. એમાં દર ત્રણ મહિને રિપોર્ટ જોયા પછી આગળ કેમ વધવું એના સૂચનો આપવામાં આવે છે. જરૂર પડ્યે આર્થિકથી લઈ અન્ય મદદ પણ કરવામાં આવે છે.

અહીંયાનો તમામ વહીવટ અને વ્યવસ્થા ઓનલાઈન છે. કોઈપણ જાતનું પેપરવર્ક નહીં. હાલ બાગને ફરતે દીવાલ ચણવાનું કામ ચાલુ છે. એક વર્ષમાં દરેક વૃક્ષને સેન્સરો મદદથી સાયન્ટિફિક ડેટા એનાલિસિસ હેઠળ આવરી લેવાશે. એના કહેવા મુજબ ભવિષ્યમાં આ ડેટા બહુ ઉપયોગી નીવડશે. છેલ્લાં એક મહિનામાં કેટલાય પ્રતિષ્ઠિત વનસ્પતિ નિષ્ણાંતો,વૈજ્ઞાનિકો, જંગલ ખાતું અને સરકારી અધિકારીઓ મુલાકાત લઈ ચુક્યા છે. લાભપાંચમથી આ બાગ સામાન્ય જનતા માટે ખુલ્લો મુકાશે.

અમે ’ભૂમિ વન’ માં પ્રવેશી રહ્યા હતાં. આ વિભાગ ફૂલોની સુગંધથી મહેકવાનું નક્કી હોય એવું લાગતું હતું. મારી નજર સામે ચાર - પાંચ વૃદ્ધો કામ કરી રહ્યા હતાં. અહીંયા બાગની દેખભાળ મોટેભાગે નિવૃત્ત વડીલો અને બાળકો કરે છે. દરેકનું વળતર નક્કી છે. બાળકોને પુસ્તકો ભેટમાં મળે છે. વડીલોનું મહેનતાણું એના પોત્રો કે પૌત્રીના ખાતામાં જમા થાય છે. દરેક ગામે દિવસ મુજબ પોતાની જવાબદારી વહેંચી લીધી છે. ગોશાળામાં ગાયોની જવાબદારી અને રસોડું મહિલાઓ સંભાળે છે. યુવાનો તમામ સામાજિક પ્રવૃત્તિઓ, વહીવટ , કાર્યક્રમો અને વ્યવસ્થાની જવાબદારી સંભાળે છે. ટૂંકમાં કહું તો ગામમાં કોઈ વ્યક્તિ હવે નવરુ નથી બેસતું. ગીતાએ બધાને કામ કરતાં કરી દીધા છે."

અમારી સફર પુરી થઈ ચૂકી હતી. હું વિચારોમાં ખોવાયેલો હતો. સામેનું બોર્ડ મને વિદાય આપવા તૈયાર હતું.

"હાય, હું આશા...યુ નો હું અમર છું. મને અમરત્વ કોણ બક્ષે છે કહું ? વ્હાલા તારા સિવાય કોણ હોય બીજું. તું મારી સાથે સ્મરણો વહેંચજે. હું દરેક મુસીબતના સમયે તારી સાથે મદદ માટે ઉભી રહીશ. સારી અને ખરાબ દરેક મેટર શેર કરજે હો ! હવે તો આપણે લાઈફટાઈમ ફ્રેન્ડ રહેવાના છીએ. મને મળવા પાછો આવીશ ને ! હું તારી રાહ જોઈશ. એન્ડ પેલું પ્રોમિસ.. યાદ છે ને! બોલ, દોસ્ત તું સપનામાં શું વાવીશ?"

આ વાંચી હું ફરીથી હસી પડ્યો. ગીતા ગેટ પાસે મારી રાહ જોઈને ઉભી હતી. અમે ’પ્રવાસ રથ’ માંથી નીચે ઉતર્યા.

"બોલ, તું સપનામાં શું વાવીશ." તે આતુરતાથી બોલી.

"હું, ચંદન વાવીશ. ચારેબાજુ સુગંધ ફેલાવીશ. એવું કશુંક કરી દેખાડીશ જેના પર હ્યુમિનિટી ગર્વ લેશે."

"ઓહો...જબરું ડ્રિમ અને ડેરિંગ છે તારું તો ? વિચારી લે, માય ડિયર બુદ્ધુ બ્રધર. તું જે કહે છે એ કહેવા જેટલું સહેલું નથી. અહીંયા સપનાનું રિપ્લેસમેન્ટ શક્ય નથી." તે મને તાગી રહી હતી.

" મારે જરૂર પણ નહીં પડે. ડોન્ટ વરી. ગીતલી તું ચાર મહિનામાં આ અશક્ય જેવું કામ કરી બતાવે તો મારી પાસે તો ખુદને સાબિત કરવા આખી જિંદગી પડી છે." હું કોઈ અજબ આત્મવિશ્વાસથી બોલ્યો.

મને થોડીવારમાં ચંદનનો રોપ આપવામાં આવ્યો. બાગમાં પ્રવેશતાં જ મારા માટે જગ્યા ખાલી રાખવામાં આવી હતી. મેં મારું સપનું વાવ્યું. તેના પર મારા નામની તકતી લાગી. નીચે ટેગલાઈન હતી. ’ ધ જર્ની ઓફ અ ક્રિએટિવ હાર્ટિસ્ટ’.

**(ક્રમશઃ)**

Mo. & wtsp - 88666 09807
ravivir2020@gmail.com

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૧-૦૧-૨૦૨૧, સોમવાર, માગશર વદ-૧૩, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : ધન (ભ.ફ.ધ.ઢ.), નક્ષત્રઃ જ્યેષ્ઠા

**- શુભ ચોઘડીયા -**

૧૨-૩૩થી અભિજીત-૧૩-૧૭ સુધી, ૭-૩૦ થી અમૃત-૮-૫૧ સુધી, ૧૦-૧૨ થી શુભ-૧૧-૩૪ સુધી, ૧૪-૧૬-થી ચલ-લાભ-અમૃત-ચલ-૧૯-૫૯ સુધી

**- શુભ હોરા-**

૭-૩૦થી ૮-૨૪ સુધી, ૯-૧૮થી ૧૦-૧૨ સુધી, ૧૨-૦૧થી ૧૪-૪૩ સુધી ૧૫-૩૭થી ૧૬-૩૨ સુધી

- સૂર્ય–કુંભ
- ચંદ્ર–કર્ક
- મંગળ–ધન
- બુધ–કુંભ
- ગુરુ–ધન
- શુક્ર–મેષ
- શનિ–મકર
- રાહુ–મિથુન
- કેતુ–ધન
- હર્ષલ–મેષ
- નેપ્ચ્યુન–કુંભ
- પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ (અ.લ.ઈ.) :- તમારી અંદર રહેલી શકિતઓને યોગ્ય દિશામાં વાળજો જરૂરથી સફળતા મેળવશો. ટેકનીકલ લાઇનથી લાભ રહે.

» વૃષભ (બ.વ.ઉ.) :- અચાનક યાત્રા પ્રવાસનો યોગ્ ઉભો થાય. સંતોનની સગાઇના કાર્યમાં સફળતા મલવાની નોકરીમાં ચીવટ રાખવી.

» મિથુન (ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઇને કોઇ સાથે ગેરસમજો ન થાય તેનું ધયન ધ્યાન રાખવું. લગ્નજીવનમાં સુમેળ રાખવો.

» કર્ક (ડ.હ.) :- મહતવના કાર્યોને પ્રાધાન્ય આપ જો સાંજ પછી નો સમય ન ધારેલો લાભ મલવાનો આધ્યાત્મિ વિચારો પ્રબળ બનવાના.

» સિંહ (મ.ટ.) :- બુદ્ધિ પ્રતિભા સતેજ થવાની અવરોધોમાં પણ તમો રસ્તો ગૌતવાળા સફળ થશો. શેર સટ્ટામાં અનુકુળતા રહે.

» કન્યા (પ.ઠ.ણ.) :- પ્રિયપાત્ર સાથે ગેરસમજો ન થાય તેનું ધ્યાન રાખજો લખાણના કાર્યમાં જાળવવું પ્રવાસમાં અનુકુળતા રહે.

» તુલા (ર.ત.) :- નોકરીમાં ચીવટ પૂર્વક કાર્ય કરવું. નવું કાર્ય હાથ ઉપર લેતા પહેલા અભ્યાસ કરી લેવો. ખર્ચ રહેવાનો છે.

» વૃશ્ચિક (ન.ય.) :- મનસ્વી વલણથી દૂર હેજો. વેપારમાં સફળતા મલવાની છે. સાહસિકોએ ધીરજ રાખવી.

» ધન (ભ.ધ.ફ.ઢ.) :- વ્યકિતત્વનો વિકાસ થવાનો છે. ભાઇ-બહેનોથી લાભ રહેવાના. ધંધામાં કોઇ નવી તક મલવાની છે.

» મકર (ખ.જ.) :- સંયુકત પરિવારના વ્યવસાયમાં પરિવર્તનની ઇચ્છા સફળ થવાની છે મિત્ર વર્તુળનો સાથે સહકાર રહેવાનો.

» કુંભ (ગ.શ.સ.) :- પરિવારના સભ્યોને સમજવાની કોશીષ કરવી જરૂર ખર્ચાઓ ઉપર લગામ રાખો. પ્રવાસમાં લાભ રહે.

» મીન (દ.ચ.ઝ.) :- નાણાકીય બાબતોને લઇને પ્રગીતનમાં અવરોધો રહેવાના. વિચારોમાં પરિવર્તન કરવું જરૂરી રહે. સ્થળાંતરની શકયતા.

# અમૃત ફળ આમળાની ખેતી



ભારત દેશમાં આપણી હિન્દુ સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી જ વૃક્ષોને ધાર્મિક મહત્વ આપી રક્ષણ આવેલું છે એટલું જ નહી પણ આ વૃક્ષોને જુદા જુદા પર્વો સાથે સાંકળીને તેની પૂજા કરવામાં આવે છે. જેમ કે વડ સાવિત્રીના વ્રતમાં સ્ત્રીઓ વડની પૂજા કરે છે. મહાદેવના મંદિરે પીપળાના વૃક્ષની પૂજા થાય છે મહાદેવના મંદિરે પીપળાના વૃક્ષની પૂજા કરે છે મહાદેવના મંદિરે પીપળાના વૃક્ષની પૂજા થાય છે. આમ કેટલાય વૃક્ષોને ધાર્મિક પર્વો સાથે સાંકળીને રક્ષણ આપેલું છે. પ્રત્યેક વનસ્પતિ માનવના આરોગ્ય માટે ઉપયોગી છે. આમળા પણ આમાનું એક છે.

આમળાનું શાસ્ત્રીય નામે ભ અંબાલીકા ઓફીસીનાલીસભ છે. તેનું વાવેતર બીયારણ થી કરવામાં આવે છે. ગ્રાફટીંગ (આંખ કલમ) થી વધુ ઉતારો આપતી જાતો ઉછેરી શકાય છે.

આમળા ને રેતાળ ગોરાડુ સારા નીતારવાળી જમીન વધારે માફક આવે છે.આમ છતાં ક્ષાર યુકત જમીન વધારે માફક આવે છે. આમ છતાં ક્ષાર યુકત જમીન સિવાય ગમે તેવી ખરાબ પડતર જમીનમાં ઉગાડી શકાય છે. સુકા અને અર્ધસુકા વિસ્તારમાં આમળાનો પાક વધારે સારી રીતે લઈ શકાય છે. જે જમીનનો પી.એચ.આંક ૮.૫ કરતા વધારે હોય ત્યાં,તેમજ જમીન ચુનાના પથ્થરવાળી હોયતો ત્યાં આમળાના વૃક્ષોનોવિકાસ સારો થતો નથી સામાન્ય રીતે વર્ષમાં જુન માસમાં રોપણી કરવામાં આવે છે.



**ડો. હેમાંગી ડી. મહેતા**

ડો. હેમાંગી ડી. મહેતા અને ડી.એ.સરડવા - વિષય નિષણાંત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી – મોરબી

આમળાની વાવણી ૬૦×૬૦×૬૦ સે.મી. માપના ખાડા ઉનાળામાં કરી સારી ગુણવતાના છાણીયા ખાતરને માટી સાથે ભેળવી ખાડા વરસાદ પહેલાં ભરી તૈયાર રાખવા.

આમળાની વાવણી ૮×૮ કે ૧૦×૧૦ મીટરે થઈ શકે ૬૦ સે.મી. માપના ખાડામાં ઉનાળામાં કોહવાયેલું છાણીયું ખાતર અને પાણી ભેળવી ખાડા વરસાદ પહેલાં ભરી તેમાં પહેલા વરસાદે આમળા પાણી ભેળવી ખાડા વરસાદ પહેલાં ભરી તેમાં પહેલા વરસાદે આમળા ના છોડ રોપી દેવા. આમળા સાથે શરૂઆતના વર્ષોમાં આંતર પાક તરીકે શાકભાજી,મગફળી,કઠોળ વિગેરે લઈ શકાય છે. આમળાના છોડને એક થડે વધવા દેવા બાકીના ફુટવા કાપી દૂર કરવા ત્યારબાદ સામાન્ય રીતે આમળાનેકેળવણી કે છાંટણી જરૂરી નથી.આમળાના વૃક્ષને છાંયો જરા પણ માફક આવતો નથી. વધારે વરસાદવાળા વધુ પડતા ભેજવાળા વિસ્તારમાં આમળા સારા થતાં નથી.

આમળાના ઉછરતા છોડને ઉનાળામાં ૧૦ થી ૧૨ દિવસે અને શિયાળામાં ૨૦ દિવસે પાણી આપવું સેનદ્રિય ખાતરના વપરાશથી ઉત્પન્ન કરેલ આમળાના બજારભાવ સારા મળે છે.

આમળાનું ઉત્પાદન ૧૦૦ થી ૧૫૦ કિલો ઝાડ દીઠ મળે છે. એક હેકટરમાં ૧૫૫ આમળાના વૃક્ષ ગણતા ૧૫.૫ ટન ઉત્પાદન મળે

ગુણવતા પ્રમાણે લીલાઆમળાનો ભાવ રૂ.-૧૫ થી રૂ.-૩૫/-પ્રતિકિલો તથા સુકવેલ આમળાના રૂ.-૪૦ થી રૂ.-૫૦/- સુધીના અને ઉગવા લાયક ચોખ્ખા બીજનો ભાવ રૂ.-૯૦૦ થી ૧૧૦૦ પ્રતિ કિલો હોય છે.

દેશમાં આમળાની લગભગ-૨૦ જુદી જુદી જાતોની ખેતી થાય છે.જે પૈકી આણંદ ખેતીવાડી સંસ્થા ખાતે ચકાસણીઓ બાદ ગુજરાત-આણંદ ૧-૨ જાતો ગુણવતા તેમજ ઉંચા ઉત્પાદનને કારણે ગુજરાત માટે વધુ ઉપયુકત જણાયેલ છે.

નડિયાદ ગોધરા અમદાવાદ વિગેરે તમામ શહેરો આમળા માટેના મોટા તૈયાર બજારો છે. વધુમાં હજુ મર્યાદિત ઉત્પાદન અને વૈધોનું માનીતું ઔષધ હોઈ તથા ખુબજ ઉંચા પોષણ તથા ઔષધિય મૂલ્યને કારણે ગામડા ગામના સ્થાનિક વેપારી પણ ખરીદી લે છે.

આમળા જીવનફળ ગણાય છે.વીટામીન સી પ્રચુર માત્રામાં તેમાં હોય છે.ઉપરાંત કેલ્શીયમ, લોહ,ફોસ્ફરસ,કેરોટીન,થાયમીન ધરાવે છે. આમળા શકિતવર્ધક છે. તેમાનું લોહતત્વ લોહી શુધ્ધ કરે છે. કબજીયાત દુર કરે છે. દાંત,ચામડી તથા પેટના રોગોમાં ઉપયોગી છે. મધુપ્રમેહને નિયંત્રણમાં રાખે છે. પિત, વાયુ, કફ તથા ગરમી નાશક છે. આમળામાંથી ચ્યવનપ્રાશ (જીવન) અમાળા ચૂર્ણ,આમળાનો મુરબ્બો, ચટણી, અથાણું,આમળા કેન્ડી,આમળા રસ જેવી અનેક બનાવટો બનાવાય છે. આમળાનું નિત્ય સેવન કરનાર દીર્ઘાયુષ્યને પામે છે. આમ આમળા અત્યંતઆરોગ્યવર્ધક છે.

# ભારતમાં કોરોનાના લીધે ૩૩૦૦૦ ટન કોવિડ બાયોમેડિકલ કચરો થયો : સીપીસીબી

## ૩૫૮૭ ટન કચરા સાથે મહારાષ્ટ્ર દેશમાં ટોચ પર



(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતમાં પાછલા ૭ મહિનામાં ૩૩,૦૦૦ ટન કોવિડ બાયોમેડિકલ કચરો થયો છે, જેમાં ૩,૫૮૭ ટન કચરા સાથે મહારાષ્ટ્ર ભારતમાં ટોચ પર છે. આ આંકડા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટામાં જણાવાયો છે.

અત્યાર સુધીમાં ઓક્ટોબર મહિનામાં સૌથી વધારે ૫,૫૦૦ કરતા વધુ ટન કોવિડ વેસ્ટ ભેગો થયો છે. એક ગણતરી પ્રમાણે સંપૂર્ણ એફિલ ટાવરનું વજન ૧૦,૧૦૦ ટન થાય છે. એટલે કે જો ભારતમાં ૭ મહિનામાં એકઠા થયેલા બાયોમેડિકલ વેસ્ટની વાત કરીએ તો તેનું વજન ત્રણ એફિલ ટાવર કરતા પણ વધારે થાય છે.

રાજ્યના પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા પ્રમાણે જૂન ૨૦૨૦થી તમામ રાજ્યોમાંથી ૩૨,૯૯૪ ટન કોરોનાના કારણે બાયોમેડિકલ વેસ્ટ એકઠો કરવામાં આવ્યો છે.

કોવિડ ૧૯ બાયોમેડિકલ વેસ્ટમાં મુખ્ય કચરો પીપીઈ કિટ, માસ્ક, જૂત્તાના કવર, મોજા, હ્યુમન ટિસ્યુસ, લોહી માટે વપરાતો પ્લાસ્ટિકનો સામાન, ડ્રેસિંગ માટે વપરાયેલો સામાન, પ્લાસ્ટર કાસ્ટ (પ્લાસ્ટર ઓફ પેરિસથી થયેલો કચરો), કોટન સ્વેબ, લોહીની થેલીઓ, નીડલ્સ, સિરિન્જ વગેરેનો તેમાં સમાવેશ થાય છે.

આંકડા પ્રમાણે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૫,૩૬૭ ટન કોવિડ વેસ્ટ જૂનથી સાત મહિનામાં થયો છે. જ્યારે તે પછી કેરળ (૩,૩૦૦ ટન), ગુજરાત (૩,૦૮૬ ટન), તામિલનાડુ (૨,૮૦૬ ટન), ઉત્તર પ્રદેશ (૨,૫૦૨ ટન), દિલ્હી (૨,૪૭૧ટન), પશ્ચિમ બંગાળ (૨,૦૯૫), કર્ણાટકા (૨,૦૨૬) ક્રમશઃ આવે છે.

લગભગ ૪,૫૩૦ ટન જેટલો કચરો ડિસેમ્બર દરમિયાન થયો છે જેમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬૨૯ ટન અને તે પછી કેરળમાં ૫૪૨ ટન અને ત્રીજા નંબરે ૪૭૯ ટન સાથે ગુજરાતનો નંબર આવે છે. વિવિધ મહિનાઓના આંકડા પ્રમાણે ગુજરાત બાયોમેડિક વેસ્ટ જનરેટ કરવામાં લગભગ ઉપરના સ્થાને જ રહ્યું છે.

આ સિવાય રાષ્ટ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આંકડા પ્રમાણે દિલ્હીમાં ૩૨૧ ટન બાયોમેડિકલ વેસ્ટ ડિસેમ્બર દરમિયાન થયો છે.

આ સિવાય જૂનથી ૭ મહિના દરમિયાન ગુજરાતનો બાયોમેડિકલ વેસ્ટ લગભગ ૧થી ૫ નંબરમાં રહ્યો છે. જેમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન ગુજરાત બાયોમેડિકલ વેસ્ટ જનરેટ કરનારું દેશનું ટોચનું રાજ્ય રહ્યું હતું. આ દરમિયાન અહીં ૬૨૨ ટન કચરો એકઠો થયો હતો. આ પછી ભારતીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આંકડા પ્રમાણે ક્રમશઃ તામિલનાડુ (૫૪૩ ટન), મહારાષ્ટ્ર (૫૨૪ ટન), ઉત્તરપ્રદેશ (૫૦૭ ટન) અને કેરળ (૪૯૪ ટન) રહ્યા છે.

**ઉદ્ધવ ઠાકરેએ હોસ્પિટલમાં બાળકની માતાની મુલાકાત લીધી :મૃતકના પરિવારને રૂ. પાંચ લાખની મદદની જાહેરાત**

# ભંડારાની સરકારી હોસ્પિટલની આગમા દસ નવજાતના મૃત્યુ

## જિલ્લા સરકારી હોસ્પિટલમાં અકસ્માતની તપાસ આદેશ

ચક્રવાત ટીમ, મુંબઈ ૧૦

નવા વર્ષના પહેલા જ અઠવાડિયામાં અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના મહારાષ્ટ્રના ભંડારા જિલ્લામાં બની હતી. અહીંની સરકારી હૉસ્પિટલના નવજાત બાળકોના વૉર્ડમાં આગ લાગતા દસ બાળકના મૃત્યુ નિપજ્યાં હતાં. શુક્રવારે મધરાતે બનેલી. જિલ્લા સરકારી હોસ્પિટલમાં અકસ્માતની તપાસ આદેશ આપ્યો હતો.તેમજ તપાસ કર્યા પછી ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશેનું મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ જણાવ્યુ છે..આજે આજે ભોજાપુરની ભોજારા જિલ્લા હોસ્પિટલમાં બાળકની માતાની મુલાકાત લીધી હતી. મીડિયા સાથે વાત કરતા ઉધ્ધવ ઠાકરેએ કહ્યું કે તે સમયે, અમે કંઈ કરી શક્યા સિવાય હાથ જોડીને ઉભા રહી શક્યા મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાની સરકારી હૉસ્પિટલના નવજાત બાળકોના વૉર્ડમાં શુકવારે મધરાતના આગ લાગતા દસ બાળકના મૃત્યુ નિપજ્યાં હતાં. સરકાર તરફથી મૃતકના પરિવારને રૂ. પાંચ લાખની મદદની જાહેરાત તેમણે કરી હતી. વડા પ્રધાન સહિત કેન્દ્ર અને રાજ્યના નેતાઓએ શોકની લાગણી વ્યક્ત કરી હતી.

રાજ્યના આરોગ્ય પ્રધાન રાજેશ ટોપેએ ઘટનાની માહિતી આપતા જણાવ્યું હતું કે વૉર્ડમાં કુલ ૧૭ બાળક હતા, જેમાંથી સાતને બચાવી લેવાયા છે. મૃત બાળકોમાંના ત્રણ આગમાં દાઝી જવાથી જ્યારે અન્ય સાત ધુમાડાને લીધે ગૂંગળામણથી મૃત્યુ પામ્યા હતા. તમામ બાળકો એકથી ત્રણ મહિનાના હતા. હૉસ્પિટલના ડૉક્ટરોના જણાવ્યા અનુસાર રાત્રે દોઢ વાગ્યે આગ ફાટી નીકળી હતી. અહીં હાજર નર્સે પહેલા આ આગ જોઈ હતી અને ડૉક્ટર અને અન્ય સ્ટાફને બોલાવ્યો હતો. સ્ટાફ પાંચ મિનિટમાં પહોંચ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનો પણ પહોંચ્યા હતા અને સાત બાળકને બચાવી લેવાયા હતા, પરંતુ દસ બાળકને બચાવી શકાયા નહીં. ડૉક્ટરના જણાવ્યા અનુસાર આ વૉર્ડમાં સતત ઓક્સિજન સપ્લાયની જરૂર હોવાથી ફાયર એસ્ટિંગ્વિશર હાજર હતા. સ્ટાફે તેની મદદથી આગ બુઝાવવાની કોશિશ કરી, પરંતુ ધૂમાડો બહુ હતો. અન્ય વૉર્ડમાંના દરદીઓને પણ ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આગનું કારણ શૉર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે.

ઉદ્ધવ ઠાકરેએ એમ પણ કહ્યું કે ભંડારા જિલ્લા હોસ્પિટલમાં અકસ્માતની તપાસ માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ અંગે વિભાગીય કમિશનરોને આદેશ અપાયો છે. મુંબઈના ફાયર બ્રિગેડના વડા રામ ડેલની પણ ટીમમાં નિમણૂક કરવામાં આવી છે. ક્યાંય કોઈ કસર છોડવામા આવશે નહિ, સત્ય બહાર આવશે અને જો કોઈ જવાબદાર જણાશે તો તે કડક કાર્યવાહી કર્યા સિવાય રોકાશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે રાજ્યમાં આવી દુર્ઘટના ફરી ન સર્જાય તે માટે રાજ્યની તમામ હોસ્પિટલોનું ફાયર ઓડિટ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### મનુષ્ય વધનો ગુનો દાખલ કરો : ફડણવીસ

ભંડારા જિલ્લા સરકારી દવાખાનાના સઘન સંભાળ યુનિટમાં લાગેલી આગમાં ૧૦ બાળકોનાં મોત નીપજ્યાં છે. વિધાનસભાના વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે આ ઘટનાની તાત્કાલિક તપાસની માંગ કરી છે. તેમણે આ મામલે દોષિત સદોષ મનુષ્યવધનો ગુનો દાખલ કરવાની પણ માંગ કરી છે. ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, જિલ્લા સરકારી હોસ્પિટલમાં દુર્ઘટના મહારાષ્ટ્ર માટે કાળો દિવસ હતો. ભંડારા જિલ્લા હોસ્પિટલમાં ફાયર સેફ્ટી સાધનો અંગેનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા ૬ થી ૭ મહિનાથી આરોગ્ય વિભાગ દ્વારા કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો.. જો નિર્ણય યોગ્ય સમયે લેવામાં આવ્યો હોત અને હોસ્પિટલમાં ફાયર સેફ્ટી ઉપકરણો ગોઠવવામાં આવ્યા હોત, તો તે ૧૦ બાળકોના જીવ બચાવી શક્યા હોત, તે અંગે વિવિધ સ્તરે અભિપ્રાય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

# ૪ પિસ્તોલ તેમજ ૧૦ કારતુસ સાથે બે જણની ધરપકડ

## હથિયારો વેચવાની લાલચ બતાવી ખરીદનારોને બોલાવી લૂંટતા

ચક્રવાત ટીમ, મુંબઈ ,૧૦

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે હથિયારો વેચનાર ટોળકીના બે જણની બોરીવલી પોલિઓસે ધરપકડ કરી તેઓ પાસેથી ૪ પિસ્તોલ તેમજ ૧૦ જીવંત કારતૂસ જપ્ત કર્યા છે.

મુંબઈ રાઈમ બ્રામ્ન્ચ યુનિટ ૧૧ના પ્રભારી પીઆઈ સુનિલ માનેને માહિતી મળી હતી કે બોરીવલીમા ગેરકાયદે હથિયારો વેચવા એક ટોળકી આવવાની છે.તેઓએ જાળ બિછાળીને એક સ્વીફ્ટ કારને રોકી તપાસ કરતા તેઓ પાસેથી આશરે ચાર લાખ રૂપિયાની કિમતની ૪ દેશી પિસ્તોલ તેમજ ૧૦ જીવંત કારતુસ મળી આવ્યા હતા.પોલિસે તેઓની અટક કરી પૂછપરછ કરતા તેઓનું નામ ઈમરાન પિઝરિયા અને જુબેર ફૈજલ ખાન તને નંદુરબારના હોવાનું જાણવા મળ્યુ હતુ. બંન્ને આરોપીઓએ કબુલાત કરતા જણાવ્યુ છે કે તેઓ મધ્યપ્રદેશની ગેરકયદે ફેકટરીમાથી હથિયારો લઈ આવતા હતા,તેમજ તેઓના સાથીદારોને વેચવાની લાલચ બતાવી ખરીદનારને કોઈ સ્થળે બોલાવી તેઓ લૂંટ ચલાવતા હતા. બોરીવલી પોલિસે ગુનો નોંધી બંન્ને આરોપીની ધરપકડ કરી તપાસ ચાલુ કરી છે.

**મનપામાં વિરોધપક્ષ જેવું કંઈ નથી : શિવસેના, કૉંગ્રેસ, એનસીપી કોઈ પાર્ટી લોકોની પરવા કરતી નથી**

# મુંબઈ મહાપાલિકામાં કારભાર ખાડે ગયો છે : આમ આદમી પાર્ટીનો આક્ષેપ

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૦

આમ આદમી પાર્ટી ૨૦૨૨ માં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી લડશે, કેમ કે હવે સામાન્ય મુંબઈકારો પરિવર્તન ઈચ્છે છે. તેમને સ્વચ્છ વહીવટવાળી સરકારની જરૂર છે. શિવસેના અને ભાજપે લગભગ ૩૦ વર્ષ લોકો પર શાસન કર્યું અને આખા શહેરની વહીવટી તંત્ર સંપૂર્ણ રીતે ધરાશાયી થઈ ગઈ. આ કહેવા માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અને દિલ્હીના ધારાસભ્ય આતિશી. તે આજે મુંબઈ પ્રેસ ક્લબ દ્વારા આયોજિત મીટ પ્રેસમાં પત્રકારો સાથે વાત કરી રહી હતી.

પત્રકારો દ્વારા પુછાતા સવાલ પર તેમણે કહ્યું કે હાલમાં કોંગ્રેસ એનસીપી અને અન્ય કેટલાક પક્ષો શિવસેના સાથે એક થઈને સત્તાનો લાભ લઈ રહ્યા છે. સાચા અર્થમાં મુંબઈના મનપામાં કોઈ વિરોધ નથી. તે તમામ શાસક પક્ષો છે. કોંગ્રેસ કદાચ મનપામાં વિરોધી પક્ષ હોવાનો દાવો કરી રહી છે, પરંતુ સત્ય એ છે કે કોંગ્રેસ રાજ્ય સરકારમાં શિવસેના સાથેની એક સહકારી સંસ્થા છે. તેથી, આ માત્ર એક ભ્રમણા છે અને સામાન્ય લોકોની આંખોમાં ધૂળ ફેંકવાનો પ્રયાસ છે. આ તમામ પક્ષોનું સામાન્ય લોકોના દુ .ખ પર કોઈ ધ્યાન નથી. આથી જ મુંબઈકારો હવે આ પાર્ટીઓથી મુક્ત થયા છે અને વધુ સારો વિકલ્પ ઈચ્છે છે. સામાન્ય લોકોની આ અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને, આમ આદમી પાર્ટી આ વખતે મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણી લડશે.

આતિશીએ કહ્યું કે મુંબઈ મનપા સંચાલિત શાળાઓની હાલત ખરાબ છે. અનેક શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ૨૦૦૮ અને ૨૦૧૭ ની વચ્ચે, આ સંખ્યા લગભગ ૬૩૦૦૦ વિદ્યાર્થીઓથી ઘટીને ફક્ત ૩૦,૦૦૦ થઈ ગઈ. આનાથી અનુમાન લગાવી શકાય છે કે મનપા શાળાઓ સાથે કેવી રીતે નિરાશાજનક માતાપિતા અને બાળકો બન્યા છે. મનપા શાળાઓની નબળી હાલતને કારણે માતા-પિતાએ તેમના બાળકોને મોંઘી ખાનગી શાળાઓમાં ભણાવવા પડે છે. તેઓ આ કામ આનંદથી કરતા નથી, પરંતુ મજબૂરીમાં તેમને તે કરવું પડે છે કારણ કે તેઓએ તેમના બાળકોનું ભવિષ્ય સુધારવું પડશે. આતિશીએ આરોપ લગાવ્યો કે મોટાભાગની ખાનગી શાળાઓ શાસક પક્ષોના નેતાઓ ચલાવે છે અને તેઓ ઈચ્છતા નથી કે મનપા અથવા સરકારી શાળા સફળ થાય અને તેમના વ્યવસાય પર તેની કોઈ અસર પડે.

તેવી જ રીતે, હોસ્પિટલોની હાલત નબળી છે. સ્વચ્છતા માટે કોઈ સારી વ્યવસ્થા નથી. આ બધી બાબતોને જોતા, મુંબઈમાં વધુ સારી શાસનવાળી સરકારની જરૂર છે. અમે દિલ્હીમાં આ બધા વિષયો પર ગંભીરતાથી કામ કર્યું અને તેના ખૂબ જ સાર્થક પરિણામો લોકો અને આખા દેશની સામે છે. ૫ વર્ષમાં અમે દિલ્હીનું ચિત્ર બદલી નાખ્યું છે. અમે લગભગ દરેક ક્ષેત્રમાં વધુ સારું કામ કરીને સાબિત કર્યું છે કે જો શક્તિ શક્તિ હોય તો કોઈપણ ખરાબ સિસ્ટમ સુધારી શકાય છે. આપણું દિલ્હીનું આર્થિક મોડેલ પણ ખૂબ સફળ રહ્યું છે. અમે ૫ વર્ષમાં તેનું બજેટ ૩૦ હજાર કરોડથી વધારીને ૬૫૦૦૦ કરોડ કર્યું છે. તેથી, દિલ્હીમાં આપણું શાસનનું મોડેલ દેશ માટે એક ઉદાહરણ બની ગયું છે. મુંબઈમાં પણ અમે આ યોજના સાથે કામ કરીશું અને લોકોની અપેક્ષાઓ પ્રમાણે રહીશું. મુંબઈને શિક્ષણ, સારા પાણી, સારા વાતાવરણ અને સારા વહીવટની જરૂર છે, અમે તેને લાવીશું.

# પશ્રિમ રેલ્વેના ઈતિહાસમા પ્રથમ ઘટના વસઈની મહિલાએ પ્રથમ ચલાવી ગુડ્સટ્રેન



ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૦

રેલ્વેના ઈતિહાસમા પ્રથમ વખત પશ્રિમ રેલ્વે માર્ગ પર મહિલાઓ દ્વારા ગુડસ ટ્રેન ચ્લાવવામા આવી છે.વસઈ થી બરોડના રૂટમા લોકો પાયલટ કુમકુમ સૂરજ ડોંગરે,સહાયક લોકો પાયલટ ઉદિતા વર્મા અને ગાર્ડ આકાંક્ષા રાય દ્વારા ગુડસ ટ્રેન ચલાવીને લઈ જવામા આવી ચે. વસઈ રોડથી ૫ જાન્યુઆરીના ગુડ્સ ટ્રેનને ગ્રીન ઝંડો બતાવી રવાના કરવામા આવી હતી.તે ૬ જાન્યુઆરીના રોજ વડોદરા સ્ટેશન પહોચી હતી.પશ્રિમ રેલ્વેના જનરલ મેનેજર દ્વારા મહિલા સશક્તિકરણનું ઉદાહરણ હોવાનું જણાવ્યુ હતુ.પશ્રિમ રેલ્વે માટે અ દિવસ અવિસ્મરણીય છે.અન્ય મહિલાઓ માટે તેઓનું અનુકરણ કરી આગળ આવવા માટેનું ઉદાહરણ છે. પશ્રિમ રેલ્વેના ઈતિહાસમા મહિલા ચાલક દ્વારા ગુડ્સ ટ્રેન ચલાવવાની આ પ્રથમ ઘટના છે.લોકો પાયલટ અને ગાર્ડની ડ્યુટી ઘણી કઠીણ હોવાથી નોકરી માટે મહિલાઓ આગળ આવતી નથી,. જ્યારે વિમાનમા પાયલટ તરીકે ડ્યુટી બજાવવા અનેક મહિલાઓ આગળ આવી છે.ભારતીય રેલ્વેમા નોકરી માટે આ મહિલાઓ દ્વારા પ્રેરિત થતા ભવિષ્યમા અન્ય મહિલાઓને પણ પ્રોત્સાહન મળતા આગળ આવશે. પશ્રિમ રેલ્વેમા ગુડસ ટ્રેન ચલાવનાર લોકો પાયલટ તરીકેની ડ્યૂટી તેમજ જવાબદારી સંભાળનાર તેમજ વસઈમા રહેતી કુમકુમ ડોંગરેએ માહિતી આપતા જણાવ્યુ છે કે ભવિષ્યમા તે મેલ એક્સપ્રેસ ,તેમજ લોકલ ટ્રેન, રાજધાની ટ્રેન અને બુલેટ્ ટ્રેન ચલાવવાની તેની ઈચ્છા છે.

**અરુણ ગુપ્તા સમાજભૂષણ પુરસ્કારથી સન્માનિત...**



કોરોના સમયમાં પત્રકારત્વની સાથે સામાજિક કાર્યો કરનારા વરિષ્ઠ પત્રકાર અરુણ ગુપ્તાને અભિજિત youth foundation દ્વારા સ્વર્ગીય વીર લક્ષ્મણ રાવ અન્નાજી રાણે સમાજભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા તે પ્રસંગે અનેક માન્યાવારો ઉપસ્થિત હતા.

# બોઈસરમા જ્વેલર્સની દુકાનમાથી સાડા સાત કરોડના દાગીના ચોરીના કેસમા બે આરોપીની ધરપકડ

## ૧૪ લાખ રૂપિયાના કિમતના ૩૨૫ ગ્રામ સોનાના દાગીના અને સાડા પાંચ લાખની રોકડ જપ્ત

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૦

બોઈસરમા ૩૦ ડિસેમ્બરના મધ્યરાત્રિની આસપાસ શહેરના ચિત્રલય વિસ્તારમાં આવેલા મંગલમ જ્વેલર્સમાં ચોરી થઈ હતી.અને આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. સીસીટીવી ફૂટેજ પરથી જાણવા મળ્યું હતુ કે ૮ થી ૯ ચોરોએ અહીંના સુરક્ષાકર્મીની મદદથી ચોરી કરી હતી. ચોરોએ દુકાનમાંથી સાત કરોડ્થી વધારેનુ સોનું તેમજ ૬૦ લાખ રૂપિયાની રોકડ રકમની ચોરી કરી હતી.પોલિસે ઝારખંડથી બે આરોપીઓની ધરપકડ કરી ૧૪ લાખના દાગીના તેમહ સાડા પાંચ લાખની રોકડ જપ્ત કરી છે.જ્યારે અન્ય આરોપીઓ ફરાર હોવાથી તેઓની શોધ ચાલુ છે. બોઈસરના ચિત્રાલયમાં સાંઈ શોપિંગ કોમ્પ્લેક્સની રસ્તાની બાજુના બિલ્ડિંગમાં સ્થિત મંગલમ જ્વેલર્સ નામની સોના-ચાંદીની દુકાન આવેલ છે. દુકાન ગ્રાઉન્ડ ફ્લોર પર અને બિલ્ડિંગના પહેલા માળા પર છે.અને પહેલા માળા પરની જ્વેલર્સના ગાળાને અડીને બાજુમાં સિસ્ટમ ફોર સક્સેસ નામની શૈક્ષણિક સંસ્થાની ઓફીસ છે, સિસ્ટમ ફોર સક્સેસની ઓફિસમા ઘુસી ભીતમા ગાબડુ પાડી ચોરોએ જ્વેલર્સના ગાળામા પ્રવેશ કર્યો હતો. તેમજ ગેસકટરની મદદ વડે તિજોરી કાપી હતી.તિજોરીમાથી ૭,૦૦,૧૭,૨૩૪/- ની કિમતના સોનાના દાગીના અને ૬૦,૦૦,૦૦૦/-રૂપિયા રોકડ રકમ ચોરો લઈ ગયા હતા. ૩૦ ડિસેમ્બરના સવારના દુકાન ખોલતા સઘળી ઘટનાની જાણ થઈ હતી. બિલ્ડીંગનું સીસીટીવી તપાસતા ફૂટેજમા ૮ થી ૯ ચોરો ચોરી કરતા જોવા મળ્યા હતા.વિશેષમા બિલ્ડીંગમા કામ કરતો સિક્યુરીટી ગાર્ડ કેટલાક દિવસ પહેલા પોતાના ગામે ગયો હતો.તેની જગ્યાએ બીજો સિક્યુરીટી ગાર્ડ નિમવામા આવ્યો હતો. તે ગાર્ડની સંડોવણી હોવાનું જોવા મળ્યુ હતુ.તે ગેસ કટર માટે વાપરવામા આવેલ ગેસ સિલિન્ડર સિક્યુરીટી ગાર્ડની રૂમમાથી મળી આવ્યુ હતુ. ચોરી કરતી વખતે કૂતરાઓ ભસે નહિ તે માટે તેઓને બિસ્કીટ ખવડાવવા બિલ્ડીંગમાથી બહાર લઈ જવામા આવ્યા હતા.ત્યાર બાદ રાતના બે વાગે આશરે ચોરી તેઓએ કરી હતી.બોઈસર પોલિસે ગુનો નોંધી કેસની તપાસ માટે પોલિસ અધિકારીઓની ૪ ટીમ બનાવી હતી.તે ટીમો ઝારખંડ તેમજ પશ્રિમ બંગાળ તપાસ માટે ગઈ હતી. એટીએસની ટીમના એપીઆઈ ગીતારામ શેવાળેની ટીમે ઝારખંડ્ના રાજમહલ જિલ્લાના પિઅરપુલ પોસ્ટના ખટ્ટીટોલા ગામમાથી બે આરોપી બદરૂદીન કાદિર શેખ અને હાસીમ ફૈજુદીન શેખની ધરપકડ કરી હતી.તેઓ પાસેથી પોલિસે ૧૪ લાખ રૂપિયાની કિમતના ૩૨૪.૮૦૦ ગ્રામ સોનાના દાગીના અને સાડા પાંચ લાખની રોકડ રકમ જપ્ત કરી છે. અન્ય આરોપીઓ ફરાર છે.

# શિવસેનાના પદાધિકારી પર ગોળીબાર કરનાર આરોપીને ચાર વર્ષની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ ,૧૦

શિવસેનાના પદાધિકારી શંકર વીરકર પર ૨૦૧૨મા ગોળીબાર કરનાર મધુકાંત બાલાભાઈ કલ્સારિયાને થાણે કોર્ટે ચાર વર્ષની જેલની સજા તેમજ ૫૦ હજાર રૂપિયા દંડની સજા ફરમાવી છે.વિશેષમા આરોપી તે શિવસેનાના પદાધિકારી સ્નેહલ સાવંત- કલ્સારિયાનો પતિ છે. કાશિમીરા પોલિસની હદમા આવેલ સૂષ્ટી વિસ્તારમા રહેતી સ્નેહલ કલ્સારિયાના ઘરે ૧ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ આ ગોળીબાર્ની ઘટના બની હતી. વીરકર સાથે મધુકાંતનો બાબતે વિવાદ ચાલી રહ્યો હતો.જેને લઈને તે સમયે તેણે લાયસંન્સ ધરાવતી રિવોલ્વર કાઢી હતી,જેને લઈને બંન્ને ઝપાઝપી થઈ હતી.મધુકાંતે રિવોલ્વતમાથી વીરકર પર ગોળીબાર કરતા તે ગોળી કાન નીચેથી શર્ટના કોલરમા કાણુ પાડી જતી રહી હતી. વીરકર નસિબે બચી ગયો હતો. આ ઘટનાએ ભારે હલચલ મચી ગઈ હતી. તે સમયે ડ્યુટી બજવતા કાશિમીરા પોલિસના પીઆઈ અનિલ પાટીલે આરોપીની અટક કરી તપાસ કરી હતી. હત્યાના પ્રયાસનો તેમજ અન્ય કલમ હેઠળ ગુનો નોંધવામા અવ્યો હતો.થાણા સેશન્સ કોર્ટના ન્યાયાધીશ ગોંધળીકરની કોર્ટમા સુનાવણી થઈ હતી.પોલિસે રજૂ કરેલા પૂરાવાને આધારે આરોપી મધુકાંતને દોષિત જાહેર કરી ૪ વર્ષની સજા તેમજ ૫૦ હજાર રૂપિયા દંડની સજા સુનાવી છે.દંડ ન ભરતા વધારાની છ મહિનાની કેદની સજા કોર્ટે ફરમાવી છે. વીરકર હાલમા શિવસેનાના મિરા-ભાયંદર ઉપજિલ્લા પ્રમુખ છે જ્યારે સ્નહલ સાવંત-કલ્સારિયા તે શિવસેનામા મિરાભાયંદએ મહિલા જિલ્લા સંઘટકમા પદે છે.

# નાશિકમાં ચાકુની ધાક બતાવી ૧૩ વર્ષની બાળકી પર સામુહિક બળાત્કાર

ચક્રવાત ટીમ, મુંબઈ ,૧૦

મહિલાઓ પર થતી હિંસાના બનાવો સતત સામે આવી રહ્યા છે. દેશમાં હાલમાં ઉત્તરપ્રદેશના બડાઉન રેપ કેસની ચર્ચા ચાલી રહી છે. આવી જ રીતે નાશિકમાં પણ એક ચોંકાવનારો મામલો સામે આવી રહ્યો છે. નાસિક જિલ્લામાં ૧૩ વર્ષની એક બાળકી પર ગેંગરેપ થયો છે. એક ઘટના પ્રકાશમાં આવી છે જેમાં છરીના ડરથી એક બાળકી પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ કેસમાં આરોપી પૈકીની એક યુવતી છે. જાણવા મળ્યું છે કે આરોપીઓમા બળાત્કાર કેસમાં બે સગીરનો સમાવેશ કર્યો હતો. શનિવારે સાંજે આ ઘટના બની હતી. આ ઘટનાથી નાસિક શહેરમાં ખળભળાટ મચી ગયો છે.



પીડિતાની માતાએ નાશિક રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ પીડિતા તેના ઘરે હતી. તે સમયે તેના પરિચિતની એક યુવતી તેને તેના ઘરે લઈ ગઈ હતી. એકવાર ત્યાં ગયા પછી, આરોપીઓએ તેને વારંવાર અત્યાચાર ગુજાર્યો હતો. ડરી ગયેલી યુવતીએ તેની માતાને જે બન્યું તે બધું કહ્યું. તે પછી માતાએ યુવતી ઉપર થયેલા અત્યાચાર સામે નાશિકનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચોંકાવનારી વાત એ છે કે સાત આરોપીઓમાં એક યુવતીનો સમાવેશ થાય છે. બાકીના છ આરોપીઓમાંથી બે સગીર છે. નાસિક રોડ વિસ્તારના અરિંગેલ વિસ્તારમા ૧૩ વર્ષની બાળકી પર ગેંગરેપ થયો છે. પીડિતાની માતાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, નાશિક રોડ પોલીસ સ્ટેશનમાં ૭ વ્યક્તિઓ વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ફરિયાદ બાદ નાશિક રોડ પોલીસે સાત આરોપીઓને તાબામા લીધા છે.તેમજ આ બાબતની તપાસ ચાલી રહી છે. ફરિયાદમાં જણાવાયું છે કે તેની પર છરી વડે ત્રાસ આપવામાં આવ્યો હતો.

# તુલસીશ્યામ રેન્જના રાવલ ડેમ નજીક જંગલમાં ફોરેસ્ટ કર્મી પર દીપડાનો હુમલો

ચક્રવાત ટીમ, ઊના, ૧૦

ગીરના વન્યપ્રાણીઓ દીપડાઓના હુમલાની ધટના અવાર નવાર બનતી હોય છે. ગીર જંગલમાં વધુ એક દીપડાનો વનકર્મી પર હુમલો કરતા પગના ભાગે ઈજા થતાં ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવેલ. ગીરગઢડાના ધોકડવા નજીક ગીર જંગલમાં તુલસીશ્યામ રેન્જ હેઠળ રાવલ ડેમ નજીક ફોરેસ્ટ કર્મચારી સંજયભાઈ મોડીયા ફરજ પર હોય એ દરમ્યાન દીપડો અચાનક આવી ચડેલ અને કર્મી પર હુમલો કરી દીધેલ હતો. ડાબા પગના ભાગે દીપડાએ નોર મારી દેતા ઈજા પહોચતા લોહીલોહાણ હાલતમાં કરી દીપડો ત્યાથી નાશી છુટ્યો હતો.જોકે ઈજાગ્રસ્તને તાત્કાલીક વાહન મારફતે ખાનગી હોસ્પીટલે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા.

# કપાસના વાયદાના ભાવમાં રૂ.૨૪ અને કોટનમાં રૂ.૪૬૦નો સાપ્તાહિક ધોરણે ઉછાળો

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૦

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧થી ૭ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો. સોનું ૧૦ ગ્રામદીઠ રૂ.૭૫૩ અને ચાંદી કિલોદીઠ રૂ.૧,૮૫૭ ઊછળ્યા હતા. બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક વૃદ્ધિ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને વધી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદામાં ૨૦ કિલોદીઠ રૂ.૨૪ અને કોટનમાં ગાંસડીદીઠ રૂ.૪૬૦નો સાપ્તાહિક ધોરણે ઉછાળો રહ્યો હતો. સીપીઓ અને રબરમાં સુધારા સામે મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો. દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૬૭૦ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૬,૨૫૧ અને નીચામાં ૧૫,૬૭૦ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૫૮૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૮૫ પોઈન્ટ વધી ૧૫,૯૫૩ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૩૨૨ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૮૦૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૭૫૪ પોઈન્ટ વધીને ૧૪,૧૦૩ના સ્તરે બંધ થયો હતો. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૧૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૮૭૫ અને નીચામાં રૂ.૫૦,૧૨૮ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૫૩ના ઉછાળા સાથે રૂ.૫૦,૯૦૪ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૨૨૮ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૫૦ના ઉછાળા સાથે રૂ.૪૦,૮૧૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૨૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૭ વધી બંધમાં રૂ.૫,૦૭૭ના ભાવ થયા હતા. ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૮,૨૫૪ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૧,૫૫૦ અને નીચામાં રૂ.૬૭,૮૬૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૮૫૭ના ઉછાળા સાથે રૂ.૬૯,૯૬૨ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૧૮૮ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૮૨૬ના ઉછાળા સાથે રૂ.૬૯,૯૦૫ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૦૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૮૧૨ના ઉછાળા સાથે બંધમાં રૂ.૬૯,૮૯૮ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૫૩૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૭૫૫ અને નીચામાં રૂ.૩,૪૫૭ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૨૧૪ના ઉછાળા સાથે બંધમાં રૂ.૩,૭૩૮ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૨.૭૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૯ વધી રૂ.૨૦૧.૧૦ થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૯૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૪ વધી રૂ.૧,૨૧૪ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૦,૭૫૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૧,૩૪૦ અને નીચામાં રૂ.૨૦,૫૫૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૪૬૦ના ઉછાળા સાથે રૂ.૨૧,૦૯૦ના સ્તરે બંધ થયો હતો.

# યુ.કે.ના સ્ટ્રેન પછી ત્રણ દર્દીઓમાં દક્ષિણ આફ્રિકાના નવા સ્ટ્રેનના કેસ આવતા ખળભળાટ

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૦

યુકેમાં મળી આવેલા નવા પ્રકારના કોરોના સ્ટ્રેનની દેશભરમા બ્રીટનથી આવેલા પ્રવાશીઓની શોધ લેવામાં આવી રહી છે, ત્યારે ટાટા મેમોરિયલ સેન્ટરમાથી વધુ એક ખળભળાટ મચાવતી વાત બહાર આવી છે.ખારઘરના આ કેન્દ્રમાં, મુંબઈ મેટ્રોપોલિટન રિજનના ત્રણ દર્દીઓમાં ઈ૪૮૪ક્ષ્ન મ્યુટેશનવાળા કોરોના વાયરસ મળી આવ્યા છે. નિષ્ણાતો તેને દક્ષિણ આફ્રિકાના કોરોના સ્ટ્રેન સાથે જોડે છે. સમસ્યા એ છે કે દર્દીઓના શરીરમાં બનેલા ત્રણ એન્ટિબોડીઝ, જેઓ કોરોનામાંથી બહાર આવ્યા બાદ દરદીઓના શરીરમા બનેલ એન્ટીબોડીઝ આ નવા પ્રકાર પર અસરકારક નથી. મ્યુટેશન વાયરના જે આનુવંશિક પદાર્થ અથવા વાયરસના જીનેટીક્સ સીક્વંશના ક્રમમાં બદલાવ થાય છે જેના આધારે વાયરસ તેના સ્વરૂપમાં ફેરફાર કરે છે. જેને લીધે જૂના વાયરસ સામે બનાવવામાં આવતી એન્ટિબોડીઝ બદલાયેલા વાયરસ પર અસરકારક સાબિત થતી નથી.

ટાટા મેમોરિયલ સેન્ટરના ડો. નિખિલ પાટકરનું કહેવુ છે કે દક્ષિણ આફ્રિકામાં કોરોના વાયરસમાં ત્રણ પ્રકારના મ્યુટેશન નોંધાયા છે. અહીં મળેલ મ્યુટેશનએ ત્રણમાંથી એક છે. કેન્દ્રની ટીમે ૭૦૦ નમૂનાઓનું જનીન સિક્વિન્સિંગ કર્યું હતું અને આ પરિવર્તન તેમાંથી ત્રણમાં મળી આવ્યું હતું. આ ક્ષણે એવી ચર્ચા છે કે દક્ષિણ આફ્રિકાના વાયરસ નવા યુકેના કોરોના વાયરસ કરતા વધુ જોખમી છે, જે સમગ્ર યુરોપમાં કોરોના ચેપના બીજા વેવમાટે જવાબદાર છે. પરંતુ બેંગલુરુ રોગચાળાના નિષ્ણાંત ડો.ગિરિધરબાબુ કહે છે કે ગભરાવાની જરૂર નથી કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૦ થી ઈ૪૮૪ક્ષ્ન મ્યુટેશન વાયરસ લોકોની જાણમા છે. જો તેઓ આટલા ઝડપથી ફેલાયા હોત, તો હાલની સ્થિતિએ વધુ કથળી હોત. તો પણ, જે ત્રણ દર્દીઓમાં આ નવો વાયરસ જોવા મળ્યો હતો, તેમાંથી બે હોમ આયશોલેશનમા ઠીક થઈ ગયા છે., ત્રીજાને હોસ્પિટલમાં દાખલ કરાયો હતો પરંતુ તેને ઓક્સિજન અથવા વેન્ટિલેટરની જરૂર નહોતી.

# ઠાકરે સરકારે રાજ્યના વિરોધી પક્ષોને મોટો ઝટકો આપ્યો

## ફડણવીસ અને રાજ ઠાકરે સહિતના મોટા નેતાઓની સુરક્ષામાં ઘટાડો



ચક્રવાત ટીમ,મુંબઈ, ૧૦

રાજ્યમાં મુખ્ય વિપક્ષી પાર્ટી ભાજપને ઠાકરે સરકારે ઝટકો આપ્યો છે.. રાજ્યમાં ભાજપના મોટા નેતાઓની સુરક્ષા ઘટાડવા ઠાકરે સરકારે મોટો નિર્ણય લીધો છે. વિપક્ષી નેતા અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મનસે પ્રમુખ રાજ ઠાકરે, કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે, ભાજપના નેતાઓ ચંદ્રકાંત પાટીલ, પ્રવિણ દરેકર, પ્રસાદ લાડ અને અન્ય વિપક્ષી નેતાઓની સુરક્ષા ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મનસેના પ્રમુખ રાજ ઠાકરેની ઝેડ સિક્યુરિટીને દૂર કરવામાં આવી છે અને તેમના કાફલામાં આવેલ બુલેટપ્રૂફ વાહન પણ દૂર કરવામાં આવશે. જોકે, વકીલો ઉજ્જવલ નિકમ અને શત્રુઘ્ન સિન્હાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સુરક્ષા સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકો દર એકથી બે મહિનામાં લેવામાં આવે છે.. કોવિડ સમયગાળા દરમિયાન પોલીસ પર ઘણું દબાણ હતુ. તેથી પોલિસ તેમજ સુરક્ષાકર્મીઓને રાહત મળે તે માટે વિપક્ષી નેતાની સુરક્ષા ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલ અને સાંસદ નારાયણ રાણેની વાય પ્લસ સુરક્ષા રદ કરી છે. કેન્દ્રીય સામાજિક ન્યાય રાજ્ય મંત્રી રામદાસ આઠવલેએ કોઈ પણ પ્રકારની એસ્કોર્ટ વિના સુરક્ષા પૂરી પાડી છે.રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ મુજબ સુરક્ષા ઓછી કરવામાં આવી છે. યુ.ડી.નિકમને. એસ્કોર્ટની સાથે વાયપ્લસ પ્રોટેક્શન આપવામાં આવ્યું હતું. તેમને ઝેડ પ્લસ સુરક્ષા આપવામાં આવી છે. જ્યારે પૂર્વ કેન્દ્રીય પ્રધાન શત્રુઘ્ન સિંહા પાસે અગાઉ વાઈ-પ્લસ સુરક્ષા હતી, તેમાં વધારો કરવામાં આવ્યો છે. સિંહાને એસ્કોર્ટની સાથે વાયપ્લસ પ્રોટેક્શન પણ આપવામાં આવ્યું છે.વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસની ઝેડ પ્લસ સુરક્ષા દૂર કરવામાં આવી હતી અને તેમને વાયપ્લસ,, એમ.પી. એલ. તાહિલીની ઝેડ સિક્યુરિટીને હટાવી દેવામાં આવી છે અને મનસે પ્રમુખ રાજ ઠાકરેની ઝેડ સિક્યુરિટીને હટાવી દેવામાં આવી છે અને તેમને વાયપ્લસ એસ્કોર્ટ આપવામાં આવી છે. જી. એ.સાનપની સિક્યુરિટીને દૂર કરીને વાય સિક્યુરિટી પણ આપવામાં આવી છે.અંબરીશરાવ અત્રામ, ચંદ્રકાંત પાટીલ. સંજય બનાસોડે, સુધીર મુનગંટીવાર, નારાયણ રાણે, રાવસાહેબ દાનવે, રાજકુમાર બડોલે, હરિભાઉ બગડે, રામ કદમ, પ્રસાદ લાડ, મોરોટરાવ કોવાસે, શોભાતાઈ ફડણવીસ, કૃપાશંકરસિંહ અને માધવ ભંડારી. તેમજ અન્યો નેતાઓને આપવામા આવેલ વાયપ્લસ, વાય અને એક્સ કેટેગરીની સિક્યુરીટી રદ કરવામા આવી છે. ઠાકરે સરકારે લીધેલા આ નિર્ણયથી બદલાની ભાવનાએ મહારાષ્ટ્ર સરકારના નેતાઓની સુરક્ષા ઓછી કરી રહી છે. ભાજપ નેતા રામ કદમે આરોપ લગાવ્યો છે કે સરકાર વિપક્ષોનો અવાજ દબાવવાનો પ્રયાસ કરે છે. રામ કદમે કહ્યું, ભાજપના નેતાઓએ છેલ્લા એક વર્ષમાં મહારાષ્ટ્ર સરકારની નિષ્ફળતા દર્શાવી છે. તે કોરોના સમયગાળા દરમિયાન મરી ગયેલા ખેડુતો અથવા તેમના પરિવારને મદદ કરી શક્યો નથી. તેથી, મહારાષ્ટ્ર સરકારે બદલો લેવાથી આ નિર્ણય લીધો છે.

# ગીર-સોમનાથ જિલ્લામાં રાજ્ય કક્ષાનો ઓનલાઈન ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું

ચક્રવાત ટીમ ગીર સોમનાથ,તા.૧૦

શ્રમ અને રોજગાર વિભાગ, નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગાંધીનગર સંચાલિત જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને મોડેલ કેરિયર સેન્ટર ગીર સોમનાથ દ્વારા કોરોના કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીના સમયમાં રાજ્યકક્ષાનો ઔદ્યોગિક વર્ચુઅલ ભરતી મેળાનું ૧૩/૦૧/૨૦૨૧ના રોજ આયોજન કરવામાં આવે છે.




આ ભરતી મેળામાં ગુજરાતની ખાનગી ક્ષેત્રની વિવિધ કંપનીઓ ભાગ લેવાની છે. જેમાં તા.૧૨/૦૧/૨૦૨૧ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી. ધોરણ ૧૦, ૧૨, ગ્રેજ્યુએટ તેમજ આઈટીઆઈ પાસ તેમજ ૧૮ થી ૩૫ વર્ષ સુધીના ઉમેદવારો (ભાઈઓ/ બહેનો) yu https://froms.gle/vh98VsAck87FRv1i8 લીંક ઉપર અરજી કરવાની રહશે.

કંપનીઓના નામ, લાયકાત, પગાર વગેરે લીંક ઉપર દર્શાવવામાં આવેલ છે. આ ભરતી મેળામાં ભાગ લેવા માટે ગૂગલ ફોર્મ https://froms.gle/vh98VsAck87FRv1i8 લીંક ઉપર માહિતી ભરી સબમિટ કરવાની રહશે. ત્યારબાદ નોકરીદતા દ્વારા પ્રાથમિક પસંદગી કરી ટેલિફોનિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે. તેમ શ્રી ડી.આર.ધોળકિયા, રોજગાર અધિકારી ગીર સોમનાથની યાદીમાં જણાવેલ છે.

# મોટી કુંકાવાવ ગામમાં બ્રહ્મ સમાજની વાડી ખાતે 'તસવીર નહીં બનતી' નવલકથાનું વિમોચન



ચક્રવાત ટીમ મોટીકુકાવાવ, તા.૧૦

કુકાવવ ખાતે તારીખ ૧૦/૧/૨૦૨૧ રવિવારે સવારે ૯:૩૦ કલાકે બ્રહ્મસમાજ વાડી ખાતે આદર્શ વિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય અનિલભાઈ ભટ્ટ નવલકથા તસવીર નહીં બનતીનું વિમોચન કરેલ. આદર્શ વિધાલય કુંકાવાવના ભૂતપૂર્વ આચાર્ય અનિલભાઈ ભટ્ટ લિખિત નવલકથા તસ્વીર નહીં બનતી વિમોચન કાર્યક્રમ રવિવારે સવારે ૯.૩૦ કલાકે સમસ્ત બ્રહ્મસમાજની વાડી ખાતે રાખવામાં આવેલ છે આ કાર્યક્રમનું સંચાલન બાબુભાઈ આશોદરીયા કરશે. આ સમારંભના વક્તાઓ તરીકે પરેશભાઈ મહેતા જીતુભાઈ પુરોહિત ગોરધનભાઈ ભેસાણીયા સ્નેહી પરમાર. ડો. પ્રિયવ્રત જોશી સત્યવ્રત જોષી ડો. નીરવ જોષી જે. આર. જોષી. સહિતના વક્તવ્ય આપશે આ કાર્યક્રમના માર્ગદર્શક તરીકે જે. ડી. સાગલાણી, ગોબરભાઈ ભગત માર્ગદર્શન આપી રહ્યા છે. નાનજીભાઈ ગેવરીયા, કલ્પનાબેન મનસુખભાઈ સુખડીયા, જયેન્દ્રભાઈ સાંગાણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સરપંચ કુંકાવાવ સુખડીયા ડોલરભાઈ દવે પ્રમુખ બ્રહ્મસમાજ મનસુભાઈ સુખડીયા કુંકાવાવ કેળવણી સમિતિ, રાજુભાઈ યાદવ પત્રકાર એ ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.

# બોટાદ પોલીસ દ્વારા જિલ્લા પંચાયત ખાતે બેટી બચાવો, બેટી પઢાવો અંતર્ગત કાર્યક્રમ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

'બેટી બચાવો બેટી પઢાવો' સપ્તાહના બીજા દિવસે મહિલા અને બાળ અધિકારી કે.વી. કાતરીયા તેમજ દહેજ પ્રતિ બંધક અધિકારી જાખણીયાની સૂચના અને માર્ગદર્શન મુજબ બોટાદ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર દ્વારા જિલ્લા પંચાયત ખાતે આશાવર્કર ગૃપ -૨ સાથે પી. એચ એન મધુબેન પંડિત ની હાજરીમા સરકાર ની કોવીડ-૧૯ની ગાઈડ લાઈનને અનુસરીને બેટી બચાવો બેટી પઢાવો સાપ્તાહિક ઉજાણીના ભાગ રૂપે પીબીએસસી કાઉન્સેલર મકવાણા રિંકલબેન દ્વારા કન્યા શિક્ષણ, દીકરી જન્મને પ્રોત્સાહન કિશોરીઓના આરોગ્ય વિષે માહિતી આપી ગુજરાત સરકાર દ્વારા ચાલતી વહાલી દીકરી યોજના વિષે વિસ્તૃત ચર્ચા કરી પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન, સખી વનસ્ટોપ સેન્ટર વિવિધ લક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર તેમજ ઘરેલું હિંસા, કામકાજના સ્થળે થતી જાતીય સતામણી, ડોમેસ્ટિક, ભરણ પોષણ અને મહિલા લક્ષી કાયદાકીય માહિતી આપવામાં આવેલ તેમજ સાંજે ૬:૦૦ થી ૬:૪૫ સુધી ડિજિટલ માધ્યમ દ્વારા ડીડી ગિરનાર ચેનલ પર સેટકોમ ડીસ ટીવી દ્વારા કાર્યક્રમ નિહાળવાઅંગે માહિતી આપી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

# પાલઘરમાં ૨૦૦ની નકલી નોટ વટાવવા જતા મહિલા ઝડપાઈ

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૦

પાલઘર પોલીસે ઉમરોલી ગામમા ૨૦૦ રૂપિયાની નકલી નોટો વટાવવા ગયેલ ૩૫ વર્ષની એક મહિલાની ધરપકડ કરી છે. ઉમરોલીમા કેટલીક મહિલાઓ ખાનગી કારમા આવી હતી.તેઓ અલગ સેવા આપતી કંપનીના પ્રતિનિધી હોવાનું જણાવ્યુ હતુ.તેઓએ દુકાનમાથી ફક્ત ૨૦-૩૦ રૂપિયાની ખરીદી કરી બસો રૂપિયાની નોટો આપી બાકીના છૂટા પૈસા પાછા લેતા હતા.એક દુકાનદારને શંકા જતા તેણે વિસ્તારના અન્ય દુકાનદારોને જાણ કરી હતી,તેઓએ તે મહિલાનો પીછો કર્યો હતો.તેમજ મહિલાને પકડીને પાલઘર પોલિસને હવાલે કરવામા આવી હતી.જ્યારે સાથી મહિલાઓ ફરાર થઈ ગઈ હતી,પોલિસે આરોપી મહિલાની પૂછપરછ કરતા તે બોઈસર, પાલઘર,ઉમરોલીની વિસ્તારની નાની દુકાનમા આ પ્રમાણે ૨૦૦ ની નકલી નોટો વટાવ્યાની જાણકારી અપી હતી. પોલિસે આરોપી મહિલા (૩૫)ને કોર્ટમા રજૂ કરતા ૧૩ જાન્યુઆરી સુધીની પોલિસ કસ્ટડી સોપી છે.આરોપી મહિલા નાલાસોપારામા રહેતી હોવાનું અને પોલીસે કાગળ, કલર પ્રિન્ટર, સ્કેનરો અને અન્ય સામગ્રી જપ્ત કરી છે, જેના પર તે નકલી ચલણી નોટ છાપતી હતી. બનાવટી નોટો અસલી દેખાતી હોવાથી શોધી કાઢવું મુશ્કેલ હતું અને કેટલીક નકલી નોટોમાં સમાન સિરિયલ નંબર હોવાનું જણાવ્યું હતું.

# ખ્વાજા ગરીબ નવાઝની શાનમા ગુસ્તાખી કરનાર સામે કડક કાર્યવાહીની માંગ કરતુ મુસ્લિમ એક્તા મંચ

## ભાવનગર શહેરના મુસ્લિમ બીરાદરો દ્વારા ~~કલેક્ટરને રજુઆત~~



ચક્રવાત ટીમ ભાવનગર, તા.૧૦

ભારત સહીત વિશ્વભરના દરેક ધર્મના લોકો માટે આસ્થાનુ કેન્દ્ર અજમેર શરીફની દરગાહ અને હજરત ખ્વાજા મોયનુદીન ચિશતી (ર.ત.અ.) ની શાનમા ગુસ્તાખી કરનાર શખ્શ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ મુસ્લિમ એક્તા મંચ દ્વારા કરાય છે વિશ્વપ્રસિધ્ધ સુફી સંત હજરત ખ્વાજા મોયનુદીન ચિશતી (ર.ત.અ.) વિરુધ્ધ અપમાનજનક અને અભદ્ર ટીપણી કરનાર સાધુ જેવા લાગતા શૈતાન શખ્શ એ જેર ઓકી ગુસ્તાખી કરી સમગ્ર દેશની એકતા અને ભાઈચારામા પલીતો ચાપવાનો પ્રયાસ કરતા તેના ભારતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે જેથી મુસ્લિમ એક્તા મંચ ગુજરાતના અધયક્ષ ઈમ્તીયાઝ પઠાણની આગેવાનીમા સમગ્ર ગુજરાત મા મુસ્લિમ બીરાદરો દ્વારા વિરોધ કરવામા આવી રહયો છે આજરોજ મુસ્લિમ એક્તા મંચ ભાવનગરના હોદેદારો સાજીદભાઈ તેલિયા, સલીમ કુરેશી, આકીબ બાવાણી, સાદીકભાઈ મનપસંદ, સલીમ હબીબાણી, મજીદ મકવાણા, આસીફ અજમેરી, આસીફ મીયાવા, એજાજ શેખ સહીતના આગેવાનોએ ભાવનગર જીલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી જેર ઓકનાર શખ્શ વિરુદ્ધ એફ.આઈ.આર દાખલ કરી કડક કાર્યવાહીની માંગ કરાય હતી.

# દિયા મિર્ઝાના ભુતપૂર્વ મેનેજરની એનસીબી દ્વારા ધરપકડ : ૨૦૦ કિલો ગાંજો જપ્ત

ચક્રવાત ટીમ, મુંબઈ, ૧૦

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) ડ્રગના કેસોમા તપાસનો વિસ્તાર વધારવામા આવ્યો છે.. બોલિવૂડ અભિનેતા અર્જુન રામપાલ બાદ હવે એનસીબીએ આ કેસમાં અભિનેત્રી દિયા મિર્ઝાની ભુતપૂર્વ મેનેજરની ધરપકડ કરી છે. દિયાના પૂર્વ મેનેજર રહીલા ફર્નિચરવાળા તેની બહેન અને અન્ય બેને એનસીબીએ તાબામા લીધા છે.દરમિયાન એનસીબીએ મોટી માત્રામાં ગાંજો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ એક બ્રિટીશ ઉદ્યોગપતિ કરણ સજદાનીની પણ ધરપકડ કરી છે. બંને બહેનો પર ડ્રગ્સના ધંધામાં તેની મદદ કરવાનો આરોપ છે એન.સી.બી. પાસેથી મળેલી માહિતી મુજબ બાંદ્રા વેસ્ટના કુરિયરમાંથી આ ગાંજો ઝડપાયો હતો. દરમિયાન કરણ સજદાનીના ઘરેથી મોટી માત્રામાં ગાંજો ઝડપાયો છે. અહીંથી માહિતી મળ્યા બાદ એનસીબી તપાસ દિયાના પૂર્વ મેનેજર રહીલા ફર્નિચરવાલા પાસે પહોંચી હતી. તપાસ દરમિયાન ફર્નિચરવાલા અને તેની બહેન પાસેથી ગાંજો ઝડપાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર એનસીબીએ કુલ ૨૦૦ કિલોગ્રામ ગાંજો કબજે કર્યો છે. દરમિયાન, એનસીબી દ્વારા બોલીવુડ ડ્રગ કનેક્શન કેસમાં અનેક સેલેબ્સની પહેલાથી જ પૂછપરછ કરવામાં આવી છે. તેમાં દીપિકા પદુકોણ, રકુલ પ્રીત, સારા અલી ખાન, અર્જુન રામપાલનો સમાવેશ થાય છે. હાસ્ય કલાકાર ભારતી સિંહ અને તેના પતિને ગાંજાના કબજા માટે ધરપકડ કરવામાં આવી હતી.

# ગીરસોમનાથ જિલ્લામાં ગીર જંગલની વચ્ચોવચ આવેલું છે એકમાત્ર મતદાર ધરાવતું બાણેજ મતક્ષેત્ર

ચક્રવાત ટીમ ગીરસોમનાથ, તા.૧૦

ગીરસોમનાથ જિલ્લામાં એકમાત્ર મતદાર ધરાવતું બાણેજ ઊના વિધાનસભા મતક્ષેત્ર હેઠળ આવે છે. ગિર જંગલની વચ્ચોવચ આવેલા આ મતદાન મથકમાં દર વખતે ખાસ પોલીંગ બુથ ઉભું કરાય છે. અને તે દેશભરમાં આકર્ષણનું કેન્દ્ર હોય છે. છેલ્લે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં મહંત ભરતદાસબાપુએ મતદાન કર્યું હતું. બાદમાં એક વર્ષ પહેલાં તેમનું નિધન થતાં આ મતદાન મથક બંધ થવાની શક્યતા સેવાઈ રહી હતી. પણ હવે તેમની જગ્યાએ નવા મહંત હરીદાસજી ગુરૂ દર્શનદાસજી ઉદાસીન આવ્યા છે. તેઓએ બાણેજ બુથ નં. ૩ ઉપરથી પોતાનું મતદાર તરીકે નામ નોંધાવતાં ફરી એક મતદાર માટે આ બુથ ચાલુ રહે છે. આથી આ વખતે જિલ્લા અને તાલુકા પંચાયતની સ્થાનિક ચૂંટણીમાં પણ આ બુથ ઉપર એક મત માટેની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે.

# જૂનાગઢ સરપંચ સંમેલનમા સી.આર. પાટીલની હાજરીમાં ભાજપે કોરોનાને આમંત્રણ આપ્યું

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૦

જૂનાગઢમાં આજે સરપંચ સમેલનમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં સ્થાનિક ચૂંટણીની તૈયારીને લઈ રણનીતિ ઘડવામાં આવી હતી અને આવનાર દિવસોમાં નાનામાં નાના ગામડાઓને પણ આવરી લઈ પારીવારીક નાતો કેળવવાની પાટીલ સાહેબ દ્વારા કહેવામાં આવ્યું હતું બીજી તરફ આ સંમેલનમા સોશિયલ ડિસ્ટન્સના લીરે લીરે ઉડ્યા હતા કારણ કે જૂનાગઢ ઓડિટોરિયમ બહોળી સંખ્યમાં કાર્યકર્તાઓ સરપંચો હોવાને કારણે કેપીસિટી કરતા વધારે હોવાથી ખીચોખીચ ભરાયું હતુ હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ સંમેલનને લઈ કોઈ પગલા લેવાશે કે નહીં. સી.આર. પાટિલના જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં પેજ સમિતિમા ૫૦ લાખ સભ્યોની નોંધણી થઈ ગઈ છે ત્યારે આવનાર દિવસોમાં ૮૦ લાખનો ટાર્ગેટ પૂરો કરવાની તૈયારી બતાવી હતી. બીજી તરફ લાગી રહ્યું છે કે માત્ર નાના માણસોને અધિકારીઓ માટે નિયમો બનાવવામાં આવ્યા હોય. સોશ્યલ ડિસ્ટન્સના ઉડ્યા લીરેલીરા છતાં સોશિયલ ડિસ્ટન્સનું પુરે પૂરું પાલન થયું છે એવું સી. આર. પાટીલે જણાવ્યું હતું અગાઉ પણ સી.આર પાટીલ જૂનાગઢ આવ્યા હતા ત્યારે કોરોનાના સંક્રમણના કેસો આવ્યા હતા અને ગઈ કાલે એલ.આર.ડી.ના જવાનોનો સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા કરતો વીડિયો થયો હતો વાઈરલ ત્યારે તપાસના આદેશ આપવામાં આવ્યા હતા ત્યારે આ વાત પણ ચર્ચાનો વિષય બન્યો છે આજે આ જોતાં લાગી રહ્યું છે કે ભાજપ દ્વારા કોરોનાને આમંત્રણ અપાય રહ્યું હોય એમ લાગી રહ્યું છે. આમ જનતા માટે જ સું લાગુ પડે છે કાયદા કાનૂન એ તો આવનાર સમય જ નક્કી કરશે.

# કોડીનારના પેઢાવાડામાં "આપ"ની જિલ્લા કક્ષાની ચૂંટણીલક્ષી મિટિંગ



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામે આમ આદમી પાર્ટીની મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિરીક્ષક બાલચંદભાઈ ભાલીયાની અધ્યક્ષતામાં મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ મોરી તેમજ તાલુકા અને જિલ્લા કક્ષાના ઉમેદવારો હાજર રહ્યા હતા તેમજ સેન્સ લીધેલ હતા. નવ નિયુકત તાલુકા પ્રમુખ ભાવશિંગભાઈ ગોહિલ પણ હાજર રહેલા હતા.

# સાળંગપુર ખાતે ભાજપના નવનિયુક્ત પદાધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૦

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજન દાદાના દર્શને પધારતા બોટાદ જિલ્લા ભાજપ ટિમ દ્વારા સ્વાગત અને શુભેચ્છાઓ પાઠવતા જિલ્લા ભાજપ પ્રમુખ ભીખુભા વાઘેલા, ઉપપ્રમુખ ગૌતમભાઈ ખસિયા, મંત્રી અશોકભાઈ મેર, શહેર પ્રમુખ ચંદુભાઈ સાવલિયા, બરવાળા તાલુકા પ્રમુખ સુરેશભાઈ ગઢિયા, બક્ષીપંચ મોરચા પ્રમુખ વનરાજભાઈ રાઠોડ, જિલ્લા યુવા મોરચા ઉપપ્રમુખ મંગળસિંહ ટાંક, અને દેવરાજભાઈ વાઘેલા, મંદિરના પૂજારી ધર્મેન્દ્ર મહારાજ ઉપસ્થિત રહ્યા અને સાળંગપુર મંદિરના કોઠારી વિવેક સાગર સ્વામી દ્વારા આશિર્વાદ પાઠવવા માં આવ્યા.

# કોડીનાર શહેરમાં અકસ્માતમાં મહિલાના બંને હાથ કપાયા



ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૦

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર શહેરમાં દિન-પ્રતિદિન અકસ્માત ની ઘટના વધી રહી છે. તેમજ હાઈવે પરના અકસ્માત તેમજ દુર્ઘટના ના બનાવો વધી રહ્યા છે. આજે તો શહેરમાં કમકમાટી ભર્યો બનાવ આકાર લીધો હતો કોડીનાર શહેરમાં બસ સ્ટેશન રોડ પર માર્કેટ નજીક એક મહિલાને ટ્રક અડફેટે આવી જતા કમકમાટી ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. ટ્રક અકસ્માત ની ઘટનામાં મહિલાના બંને હાથ ચગદાઈ જતાં ગંભીર હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આવી ઘટના બન્યા બાદ કોડીનાર માં મોટા ભારે વાહનો સમગ્ર દિવસ રોડ પરથી પસાર થાય છે તે બાબતે લોકોમાં રોષ ભભૂકી ઊઠયો હતો. કોડીનાર શહેરમાં દિન પ્રતિદિન વધી રહેલી અકસ્માત ની ઘટના બાબતે કોઈ નક્કર પગલાં લેવામાં આવે તેવી લોક લાગણી જોવા મળી હતી.

# સીડની દિવસ ચાર : ચોથા દિવસના અંતે ભારત જીતથી ૩૦૯ દૂર

## ઓસી.એ બીજી ઇનિંગ્સ ૩૧૨ રને ડિક્લેર કરી, ભારતને ૪૦૭ રનનો ટાર્ગેટ આપ્યો



(જી.એન.એસ.)સિડની,તા.૧૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ સિડનીમાં રમાઈ રહી છે. આજે મેચનો ચોથો દિવસ હતો. ચોથા દિવસની રમત પૂરી થઈ ત્યારે ભારતના ૨ વિકેટના ભોગે ૯૨ રન થયા હતા. ભારત સામે જીત માટે ઓસ્ટ્રેલિયાએ ૪૦૭ રનનો ટાર્ગેટ રાખ્યો છે. હાલ અજિંક્ય રહાણે (૧ રન) અને ચેતેશ્વર પૂજારા (૯) રમતમાં છે. ભારતે જીત માટે હજુ ૩૦૯ રન બનાવવાના છે. ભારતે બે મહત્વની વિકેટ શુભમન ગીલ (૩૧) અને રોહિત શર્મા (૫૨) ગુમાવી દીધી છે. હવે સિડનીમાં મેચ બચાવવી એ ભારત માટે મોટો પડકાર છે. ઓસ્ટ્રેલિયાએ પોતાના બીજા દાવમાં ૬ વિકેટના નુકસાને ૩૧૨ રન બનાવીને દાવ ડિક્લેર કરી દીધો. ભારત સામે જીતનો ૪૦૭ રનનો વિશાળ લક્ષ્યાંક ખડકી દીધો. ભારત તરફથી બીજી ઈનિંગની શરૂઆત શુભમન ગીલ અને રોહિત શર્માએ કરી હતી. સારી શરૂઆત બાદ શુભમન ગીલ અને રોહિત શર્મા આઉટ થઈ ગયા. ઓસ્ટ્રેલિયા માટે હેઝલવુડ અને પેટ કમેન્સે ૧-૧ વિકેટ લીધી. રોહિત શર્મા અડધી સદી ફટકારીને તરત જ પેટ કમિન્સની બોલિંગમાં આઉટ થયો.

## બીજી ઇનિંગ્સમાં લાબુશેને ૭૩ અને સ્મિથે ૮૧ રન ફટકાર્યા, સૈની-અશ્વિનને ૨-૨ વિકેટ મળી

ઓસ્ટ્રેલિયાએ બીજા દાવમાં ૬ વિકેટ ગુમાવીને ૩૧૨ રન કર્યા. બીજા દાવમાં ઓસ્ટ્રેલિયા તરફથી માર્નસ લાબુશેનએ ૭૩ રન અને સ્ટિવ સ્મીથે ૮૧ તથા કેમરોન ગ્રીને ૮૪ રન કર્યા. જ્યારે નવદીપ સૈની અને રવિચંદ્રન અશ્વીને ૨-૨ વિકેટ જ્યારે જસપ્રીત બુમરાહ અને મહમ્મદ સિરાજે ૧-૧ વિકેટ લેવામાં સફળતા મેળવી. ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટના નુકસાન પર ૩૧૨ રન કરીને દાવ ડિક્લેર કરી દીધો.

# દર્શકોએ ભારતીય ખેલાડીઓને અપશબ્દો કહેતા ક્રિકેટ ઓસ્ટ્રેલીયાએ ઈન્ડિયા પાસે માફી માંગી

નવી દિલ્હી,તા.૧૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે સિડનીમાં ચાલી રહેલી ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ફરી એક વખત ઓસ્ટ્રેલિયાના દર્શકોએ તમામ મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યું છે અને મોહમ્મદ સિરાજ અંગે રંગભેદ અંગે ટીપ્પણી કરવા સાથે અપશબ્દો પણ કહ્યાં છે. આ જ પ્રકારની ઘટના મેચના ત્રીજા દિવસે પણ થઈ હતી. જસપ્રીત બુમરાહ અને સિરાજ બન્નેએ આ અંગે ફરિયાદ પણ કરી હતી.

સિરાજે ચોથા દિવસે પોલીસને તે જગ્યા અંગે પણ માહિતી આપી હતી કે જ્યાંથી અવાજ આવ્યો હતો. ત્યારબાદ પોલીસે ઓસ્ટ્રેલિયાના છ દર્શકોને બહાર કાઢી ક્યા હતા. ઓસ્ટ્રેલિયાના દર્શકોની આ પ્રકારની વર્તણુક અંગે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ટીમ ઈન્ડિયા સમક્ષ માફી માંગી છે અને સોશિયલ મીડિયા પર એક નિવેદન આપતા કહ્યું છે કે આ પ્રકારના વ્યવહાર માટે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની જીરો ટોલરન્સ નીતિ છે.



તેમણે દર્શકોને કહ્યું કે જો તમે રંગભેદની ટીપ્પણીઓ કરો છો તો ઓસ્ટ્રેલિયા ક્રિકેટમાં તમારું સ્વાગત નહીં કરવામાં આવે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ કહ્યું કે બોર્ડ ICC તપાસની રાહ જોઈ રહ્યું છે. એક વખત દોષિતોની ઓળખ કરવામાં આવશે તો તેની સામે પગલા ભરવામાં આવશે. તેમણે કહ્યુ કે યજમાન તરીકે ભારતીય ક્રિકેટમાં અમે અમારા મિત્રોની માંફી માંગી છીએ. ત્રીજા દિવસે રમત પૂરી થઈ ત્યારબાદ ભારતીય ડ્રેસિંગ રૂમની બહાર ટીમ ઈન્ડિયાના અધિકારી, ICC અને સ્ટેડિયમ સુરક્ષા અધિકારીઓ સાથે વાતચીત કરતા દેખાયા હતા. આ વાતચીત સમયે જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઘટનાની માહિતી મળતા જ ICC સક્રિય થઈ ગયુ હતું અને દોષિતોને પકડવા માટે પોતાના સ્તર પર કોશિશ કરી રહ્યા છીએ.

સિડની મૉર્નિંગ હેરાલ્ડના અહેવાલ પ્રમાણે NSW અને ICC સાથે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડના ગ્રાઉન્ડ ઓપરેટર્સ પણ દોષિતોને પકડવા માટે કામ કરી રહ્યા છે. ગ્રાઉન્ડમાં ૮૦૦થી વધારે કેમેરા લાગેલા છે અને કોરોના વાઈરસને લીધે ઓથોરિટી પાસે મેચ જોવા માટે આવેલા ૧૦ હજાર ૭૫ દર્શકોની જાણકારી છે.

### ભારતના અત્યાર સુધી કુલ પાંચ ખેલાડી ઇજાગ્રસ્ત થયા

# ભારતની ટીમમાં બીજી ટીમ બની ઈજાગ્રસ્તોની

(જી.એન.એસ.)સિડની,તા.૧૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર મેચોની ટેસ્ટ સીરિઝ ચાલી રહી છે. હાલમાં સિડનીમાં ત્રીજી ટેસ્ટ મેચ રમાઈ રહી છે. પરંતુ ભારતીય ટીમ પોતાના ખેલાડીઓની ઈજાને લઈને પરેશાન છે. એક પછી એક કરીને ટીમના કુલ પાંચ ખેલાડીઓ ઈજાગ્રસ્ત થઈ ગયા છે. તેમાંથી ચાર ખેલાડી તો એવા છે જે સીરિઝને અધવચ્ચેજ છોડીને ભારત પરત ફરવું પડ્યું છે. એવામાં સ્થિતિ એવી થઈ ગઈ છે કે, કોઈ પણ ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા એક પ્લેઈંગ ઈલેવન સાથે નથી ઉતરી રહી. ત્રીજી ટેસ્ટ મેચમાં જાડેજાએ શાનદાર પ્રદર્શન કરનાર ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાના ડાબા અંગૂઠામાં ફ્રેક્ચરના કારણે બ્રિસબેનમાં ૧૫ જાન્યુઆરીથી રમાનારી સીરિઝની અંતિમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. રવિન્દ્ર જાડેજાના ડાબા હાથના અંગૂઠામાં ડિસ્લોકેશન અને ફ્રેક્ચર છે. તેના માટે બેટિંગ કરવું મુશ્કેલ રહેશે. ઓછામાં ઓછા બેથી ત્રણ અઠવાડિયા રમતથી દૂર રહેશે. તેથી તે અંતિમ ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે. ત્રીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં જાડેજાએ અણનમ ૨૮ રન બનાવ્યા હતા. તેણે ઝડપથી રમતા ૨૭ બોલમાં ૫ ચોગ્ગા ફટકાર્યા હતા. જ્યારે પ્રથમ ઈનિંગમાં બોલિંગ કરતાં જાડેજાએ સૌથી વધારે ચાર વિકેટ લીધી હતી. તેણે પ્રથમ ઈનિંગમાં ૧૮ ઓવરમાં ૬૨ રન આપીને ચાર વિકેટ લીધી હતી. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પ્રથમ ડે નાઈટ ટેસ્ટ દરમિયાન ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર મોહમ્મદ શમીના કાંડામાં ઈજા થતા તે ટેસ્ટ સીરિઝમાંથી બહાર થઈ ગયો હતો.





મોહમ્મદ શમી બીજી ઈનિંગમાં બેટિંગ કરતી વખતે ઘાયલ થયો હતો. શમીએ આ ઈજાના કારણે રિટાયર હર્ટ થવું પડ્યું હતું અને તે ફિલ્ડિંગ કરવા પણ નહોતો આવ્યો. હવે તેનો મેડિકલ રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં કાંડામાં ફેક્ચરની પુષ્ટી થઈ છે. મેલબર્નમાં રમાયેલી બીજી ટેસ્ટ દરમિયાન ભારતીય ફાસ્ટ બોલર ઉમેશ યાદવ ઈજાગ્રસ્ત થયો હતો. તેની ઈજાને લઈ સ્કેનિંગ પણ કરવામાં આવ્યું હતું. જેમાં તેની ઈજા ગંભીર પ્રકારની હોવાનું જાહેર થયા બાદ સીરિઝની અન્ય મેચમાંથી બહાર થઈ ગયો હતો. ટીમ ઈન્ડિયાના વિકેટકીપર બેટ્સમેન કેએલ રાહુલ ટેસ્ટ સીરિઝમાં એક પણ મેચ રમ્યો નથી પરંતુ તેને અંતિમ ટેસ્ટમાં ટીમમાં સ્થાન આપવામાં આવશે એવી આશા વ્યક્ત કરાઈ રહી હતી. જો કે તેના પહેલા એક પ્રેક્ટિસ સેશન દરમિયાન તેને કાંડામાં ઈજા થઈ હતી. જેના કારણે હવે તે ટેસ્ટ સીરિઝ રમવાની હાલતમાં નથી. તેને હવે ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. સીરિઝની પ્રથમ બંને ટેસ્ટમાં પણ તેને સામેલ કરવામાં આવ્યો નહોતો.

સિડનીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટના ત્રીજા દિવસે પંત કમિંસનો બોલ પર પુલ શોટ ફટકારવાના પ્રયાસમાં તે ચુકી ગયો હતો અને બોલ તેના જમણા હાથની કોણીમાં વાગ્યો હતો. વિકેટકીપર અને બેટ્સમેન રિષપ પંતને સ્કેન માટે મોકલવામાં આવ્યા હતા. જો કે, પંત પણ બીજી ઈનિંગમાં બેટિંગ કરશે કે નહીં તે પણ નક્કી નથી.

# અભદ્ર ભાષાના ઉપયોગ કરી કરીયર ખતમ કરવાની આપી ધમકી : દીપક હૂડાનો આરોપ

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૦

વડોદરાના ઓલરાઉન્ડર દીપક હૂડાએ ટીમની પહેલી મેચમાં ન રમવાનો નિર્ણય લીધો છે. રિપોર્ટ્સ મુજબ, હૂડાએ બરોડ ક્રિકેટ એસોસિયેશનને પત્ર લખીને કેપ્ટન કૃણાલ પંડ્યા વિરુદ્ધ ફરિયાદ કરી છે. હૂડાએ આરોપ લગાવ્યો છે કે પંડ્યાએ તેના વિરુદ્ધ 'અભદ્ર ભાષા'નો ઉપયોગ કર્યો અને 'કરિયર ખતમ કરવાની ધમકી' આપી.

હૂડાએ એસોસિયેશનને પત્ર લખીને પંડ્યાને વર્તનને 'દાદાગીરી' ગણાવી છે. ખબર છે કે હૂડા શનિવારે રાત્રે બાયો-બબલ છોડીને જતો રહ્યો છે. આ બાદ કોચ અને ટીમ ખૂબ જ દુવિધામાં છે. હૂડા ટીમનો સીનિયર ખેલાડી છે. આ ઓલરાઉન્ડર ટીમની





બેટિંગ લાઈનઅપનો મહત્વપૂર્ણ ભાગ છે. હૂડાએ એસોસિયેશનને ઈ-મેઈલ લખ્યો- હું છેલ્લા ૧૧ વર્ષોથી વડોદરા ક્રિકેટ એસોસિયેશન માટે ક્રિકેટ રમી રહ્યો છું. આ સમયે મને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માટે પસંદ કરાયો છે. હું ઉત્સાહ હીન, તણાવગ્રસ્ત અને પ્રેશરમાં હોવાનું અનુભવી રહ્યો છું.

તે વધુમાં લખે છે, પાછલા બે-ચાર દિવસોથી મારા કેપ્ટન મિસ્ટર કૃણાલ પંડ્યા ટીમના સાથી ખેલાડીઓ અને ટૂર્નામેન્ટમાં ભાગ લેવા આવેલા અન્ય રાજ્યોના ઘણા ખેલાડીઓ સામે મારા વિરુદ્ધ અપશબ્દોનો ઉપયોગ કરી રહ્યા છે. પંડ્યાએ મને પોતાની પ્રેક્ટિસથી રોકીને દાદાગીરી બતાવી. હૂડાએ વડોદરા માટે ૪૬ ફર્સ્ટ ક્લાસ મેચ અને ૧૨૩ ટી-૨૦ મેચો રમી છે. તેણે કહ્યું કે, આ પ્રકારના માહોલમાં તે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નહોતો કરી શક્યો.

# નુસરત જહાંનું લગ્નજીવન આવ્યું ભંગાણના આરે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

ટીએમસી પાર્ટીની એમપી અને અભિનેત્રી નુસરત જહાંનું લગ્ન જીવન બરાબર નથી લાગી રહ્યું. એવી ખબર આવી રહી છે કે હવે નુસરતના લગ્ન તૂટવાના કગાર પર છે. તે હાલમાં પોતાના પતિનું ઘર છોડીને પોતાના ફ્લેટમાં શિફ્ટ થઈ ગઈ છે. તેના લગ્ન જીવનમા આ ભંગાણનું કારણ અભિનેત્રી કોઈ બીજાને ડેટ કરી રહી છે. મળતી માહિતી અનુસાર નુસરત અભિનેતા યશ દાસ ગુપ્તાને ડેટ કરી રહી છે અને બન્ને વચ્ચે અંતર ઘટી રહ્યું છે.

એક મળતી માહિતી અનુસાર જ્યારે નુસરતને આ વિશે વાત કરવામાં આવી તો તેણે કહ્યું કે એ મારી પર્સનલ લાઈફ છે અને તેના વિશે વાત કરવા નથી માંગતી. નુસરતે આગળ વાત કરી કે એક એક્ટર હોવાના નાતે હું કામ પર વાત કરીશ. હું મારી જિંદગીમાં શું બની રહ્યું છે એના વિશે વાત કરવા નથી માંગતી. વર્ષ ૨૦૧૯માં ટીએમસીના ટિકિટ પર ચૂંટણી લડીને જીત મેળવી હતી અને બિઝનેસમેન નિખિલ જૈન સાથે લગ્ન કર્યા હતા. તેના લગ્ન ખુબ ચર્ચામાં પણ આવ્યા હતા.

# અક્ષય કુમારની ફીમાં થયો વધારો, ૧૦ કરોડનો વધારો કર્યો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૯

બોલિવૂડનાં ખેલાડી એટલે કે અક્ષય કુમારએ તેમની એક્ટિંગ ફીમાં વધારો કર્યો છે. તે દર વર્ષે તેની ફિલ્મ દ્વારા ઈન્ડસ્ટ્રીમાં ધમાલ મચાવે છે. અક્ષય તે ખાસ એક્ટર્સમાં શામેલ છે જે વર્ષમાં સૌથી વધુ ફિલ્મ કરે છે. તે સૌથી વ્યસ્ત એક્ટરની લિસ્ટમાં પણ શામેલ થાય છે. લોકડાઉનમાં તેણે ભલે તેનો સમય પરિવાર સાથે વિતાવ્યો હોય. પણ જેમ અનલોક થતયુ તેણે તુરંત જ શૂટિંગ શરૂ કરી દીધુ હતું. હાલમાં અક્કીએ તેની ફીમાં વધારો કર્યાની ખબર ચર્ચામાં છે.

અક્ષય કુમાર બોલિવૂડમાં સૌથી વધુ ફી લેનારા એક્ટર્સમાંથી એક છે. અક્ષય કુમાર દર વર્ષે ૨થી ૩ ફિલ્મો લઈને આવે છે. અક્ષય કુમાર એક પણ દિવસનો બ્રેક નથી લેતો. અક્ષયની આગમી વર્ષે એક બે નહીં પણ આઠ ફિલ્મો રિલીઝ થઈ રહી છે.

બોલિવૂડ હંગામાની રિપોર્ટ મુજબ લોકડાઉનનાં થોડા મહિનામાં જ અક્ષય કુમારે તેની ફઈ ૯૮ કરોડથી ૧૦૮ કરોડની, પછી હાલમાં સાઈન કરવામાં આવેલી ફિલ્મો માટે ૧૧૭ કરોડ રૂપિયા લીધા છે. જે ૨૦૨૧માં રિલીઝ થશે. તો, ૨૦૨૨માં રિલીઝ થનારી ફિલ્મો માટે તે ફી રૂપે ૧૩૫ કરોડ રૂપિયા લેશે.

રિપોર્ટ મુજબ, લો રિસ્ક, લો બજટ, એશ્યોર્ડ રિટર્ન મોડલ અને માર્કેટમાં તેમની ડિમાન્ડને જોતા દરેક પ્રોડ્યૂસર તેમને ફિલ્મમાં કાસ્ટ કરવાં ઈચ્છએ છે. તેને જોતા અક્ષય ઈકોનોમિક ફોર્મૂલા અપનાવતા ૨૦૨૨ માં રિલીઝ થનારી તેમની તમામ ફિલ્મોની ફી વધારીને ૧૩૫ કરોડ કરી દીધી છે.

# રિયાને "માયગર્લ" લખવા પર ભરાયો રાજીવ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

અભિનેત્રી રિયા ચક્રવર્તી હવે વર્ષ ૨૦૨૦ માં તેના જીવનમાં આવતી મુશ્કેલીઓને ભૂલીને જીવનમાં આગળ વધી ગઈ છે. ૧ મહિનાથી જેલમાં રહેલા સુશાંત કેસમાં ડ્રગ એન્ગલ બાદ રિયા ઘણા સમયથી સોશિયલ મીડિયાથી દૂર હતી. જાહેર કાર્યક્રમમાં પણ ઓછી હાજર રહેતી હતી. પરંતુ હવે તે જીવનમાં આગળ વધી ગઈ છે. તાજેતરમાં જ રિયા તેની મિત્ર વી.જે. અનુષા દાંડેકરની બર્થડે પાર્ટીમાં પિતા ઈન્દ્રજીત અને ભાઈ શૌવિક સાથે ગઈ હતી. આ પાર્ટીના ફોટા 'રોડીઝ' ફેમ રાજીવ લક્ષ્મણે શેર કર્યા હતા. આ તસ્વીરોમાં રિયા રાજીવને ગળે લગાવતી વખતે પોઝ આપતી જોવા મળી હતી. રાજીવે આ તસવીરો સાથે 'માય ગર્લ' લખી હતી. રિયાની આ તસવીરો રાહુલ સાથેની સાથે જ લોકોએ તેને ટ્રોલ કરવાનું શરૂ કર્યું. જે બાદ હવે રાજીવે રિયા સાથેની આ તસવીરો ડિલીટ કરી દીધી હતી. રાજીવે પોસ્ટ શેર કરી અને લખ્યું- 'મને લાગે છે કે મારા ખોટા શબ્દોની પસંદગીને લીધે, મેં ક્યા કારણે મુશ્કેલી ઉભી કરી છે. રિયા મારી એક જુની મિત્ર છે અને મને ફરીથી મળીને ખૂબ આનંદ થયો. હું તેનું સારુ થાય તે માટે શુભેચ્છા પાઠવું છું. તમને જણાવી દઈએ કે રિયાનો પરિવાર ઘર શોધી રહ્યો છે. તેના માતાપિતા અગાઉ મુંબઈના ખાર વિસ્તારમાં ઘરની શોધ કરતા જોવા મળ્યા હતા. આ પછી રિયા પણ ઘર માટે જોવા મળી હતી. હાલ રિયા ટૂંક સમયમાં બોલિવૂડમાં કમ બેક કરી રહી છે.

### આપ- ઔવેસીની એન્ટ્રીથી ભાજપ ગેલમાં : કોંગ્રેસને તેની નિષ્ક્રિય હોવાની છાપ નડશે

# સ્થાનિક સ્વરાજમાં ભાજપ-આપની તૈયારી તેજ : કોંગ્રેસ લાપતા

ચક્રવાત ટીમ, જિજ્ઞેશ કાલાવડીયા તા.૧૦

ગુજરાતમાં સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગવા શરૂ થઈ ગયા છે. આગામી ૧૫ જાન્યુઆરી બાદ ગમે ત્યારે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીનું જાહેરનામું બહાર પાડે તેવી સંભાવના છે અને ફેબ્રુઆરીની ૨૦ તારીખ આસપાસ ચૂંટણીઓ યોજાય તેવી શક્યતા. રાજકિય ભાષણો વ્યક્ત કરી રહ્યા છે ત્યારે સત્તારૂઢ ભાજપ અને ગુજરાતના રાજકારણમાં છેલ્લા આઠ વર્ષથી પા-પા પગલી કરી રહેલ આમ આદમી પક્ષ પ્રથમ વખત સ્થાનિક સ્વરાજમાં તેનું ભાગ્ય અજમાવવા માટે તનતોડ પ્રયાસ કરી રહેલ છે. ભાજપ દ્વારા ગત ટર્મમાં સ્થાનિક સ્વરાજમાં મેળવેલ ભૂંડી હારનું પુનરાવર્તન ન થાય તે માટે ગ્રામ્ય વિસ્તારોથી લઈને શહેરી મતદારો સુધી પેજપ્રમુખના નામે સંમેલનો શરૂ કરી દેવામાં આવ્યા છે. પ્રદેશ પ્રમુખ પાટીલ સીધાજ સરપંચોને ભેગા કરીને તેની સાથે સીધો જ સંવાદ કરી રહ્યા છે. પરંતુ હજુપણ ગ્રામ્ય મતદારોમાં કોઈ પક્ષ તરફ સીધો જુકાવ ઉભો થયો હોય એવુ ચિત્ર ઉપસતુ નથી. કોંગ્રેસને ગત જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં ગમખ્વાર બહુમતી આપીને મતદારો છેતરાયા હોય તી લાગણી ઉભી થયેલ છે. મોટાભાના




કોંગ્રેસના પદાધિકારીઓ વંડી ઠેકી ગયા છે અથવા નિસ્ક્રીય રહ્યા છે. જેના કારણે આ વખતે કોંગ્રેસને કોઈ સારૂ પરિણામ મળે તેવું દેખાતુ નથી અને ખુદ કોંગ્રેસ પક્ષ પણ ચિત્રમાં ક્યાંય સીધો નજરે ચડતો નથી.

આપના કાર્યકરોમાંથી મોટા ભાગના પ્રથમ વખત ચૂંટણીના રાજકારણમાં ઝંપલાવી રહ્યા હોય તેમ ભારે ઉત્સુક દેખાય રહ્યા છે.

પરંતુ તેઓ ચૂંટણીના ગણિતથી વધુ પરિચીત ન હોય તે ઉન્સાહ મનમાં પરિવર્તન થાય તેવી શક્યતા ઓછી છે. આમ છતા ભાજપ પ્રત્યે



નિરાસા ધરાવતા અને તેના સાશનથી ત્રસ્ત લોકો આ વખે તેમનો મત કોંગ્રેસને બદલે આપને આપી શકે તો પરિણામમાં ખાસ્સો ફેરફાર થવાની સંભાવના છે. આપ આ ચૂંટણીમાં બહુમતી મેળવી શકશે નહી પરંતુ નોંધપાત્ર મતો મેળવીને તેની હાજરી દર્શાવી શકે તેમ છે. આપને થનાર ફાયદો એ કોંગ્રેસ પક્ષ માટે સીધુ જ નુકશાન સાબિત થાય તેવી તમામ શક્યતાઓ હાલ જોવા મળી રહી છે.

આમ, ઔવસીનો પક્ષ, એન.સી.પી. બાપુનો પ્રજાશક્તિ પક્ષ આ તમામ ઉપરોક્ત બી.ટી.પી., જનચેતના પાર્ટી બી.એસ.પી. ચૂંટણીના મેદાનમાં ઉતરશે તો સત્તા વિરોધી મતોમાં મોટા પાયે વિભાજન થશે અને લગભગ ૩/૪થી વધુ બેઠકો ભારતીય જનતા પાર્ટી મોટા માર્જીન સાથે આઉટસાઈટ જીતી જાય તેવી સંભાવના હાલના સંજોગોમાં જોવા મળી રહી છે. ભારતીય જનતા પાર્ટી હંમેશા સામેના મતોના વિભાજન કરવામાં માહિર છે. ત્યારે તે આ વખતે ઉભી થયેલ પરિસ્થિતિની પુરો ફાયદો ઉઠાવવાની વવેતરણામાં છે અને આથી જ ભાજપની નેતાગીરી સંપૂર્ણ કોર્પોરેટ સ્ટાઈલથી ચૂંટણી મેદાનમાં ઉતરી સજ્જ થઈ ગયેલ છે. કોંગ્રેસ હજુ પણ તેની ભવ્ય ભૂતકાળને વાગોળવામાં બહાર આવી સકેલ નથી. આથી ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભાજપ કલીન સ્વીપ કરે તો તે નવાઈની વાત નહી ગણાય. માત્ર કોઈ મોટો ચમત્કાર જ ભાજપની ભવ્ય જીતને રોકી શકે તેમ છે. તેવુ હાલના સંજોગોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. ભાજપમાં પણ આંતરીક અસંતોષ ચરમસીમા પર છે અને પાટીલની નવી ટીમ જાહેર થયા બાદ ભારેલો અગ્ની ધુંધવાય રહ્યો છે. પરંતુ કેન્દ્રની મજબૂત સત્તાના ડરથી કોઈ પરીબળ ખુલ્લા મેદાનમાં આવે તેવી કોઈ ગુંજાઈશ નથી.

# કોરોનાના ડરથી બંધ કરાયેલ શાળામાં વેક્સિનેશન પહેલા જ આજથી ધો.૧૦-૧૨ના વર્ગો શરૂ કરાશે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૬

રાજય સરકાર દ્વારા શાળા અને કોલેજો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરવામાં આવી હતી. આજથી ધો.૧૦ અને ૧૧ના બાળકોનો અભ્યાસ શરૂ થશે. કેન્દ્ર સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ શાળાઓ શરૂ કરવા માટે રાજય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધોરણ ૧૦ અને ૧૨, પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે.



અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ મંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. નિયમોના પાલનની જવાબદારી અધિકારી, આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે જ વાલીઓએ સંમત્ત પત્ર આપવો પડશે. ધોરણ-૯-૧૦-૧૧-૧૨દ્રક્ન વર્ગો ઓડ ઈવન સિસ્ટમથી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓએ કે માતા-પિતાની સંમત્તિ લેવી ફરજિયાત છે. જો કોઈ વાલી પોતાના વિદ્યાર્થીને સ્કૂલમાં મોકલવામાં ના માંગતો હોય તો તેના માટે ઓનલાઈન શિક્ષણ વર્ગ પણ ચાલુ રહેશે. ધોરણ ૧૦ અને ૧૨ તથા પોસ્ટ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટનું શિક્ષણ ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ગુજરાત રાજયના તમામ બોર્ડ, સ્વનિર્ભર, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ શાળાઓને લાગુ પડશે. તો સાથે જ ધોરણ ૩ થી ૯ સુધીના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. આ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ અપાય. આ અંગે કેન્દ્ર સરકારની એસઓપીનો રાજય સરકારે વિચાર કર્યો. તમામ એસઓપી તમામ સંસ્થાઓને મોકલી આપવામાં આવી છે. ત્યારે શાળાઓએ તમામ એસઓપીનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક, સ્વચ્છતાનું પાલન કરવાનું રહેશે. આ સાથે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહિ મળે તેવી પણ જાહેરાત ગુજરાત સરકાર દ્વારા કરાઈ છે. જેથી ગુજરાતમાં કોઈ પણ ધોરણમાં માસ પ્રમોશન આપવામાં નહિ આવે.

સીધી રીતે વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાની વાત નકારી કાઢી છે. જોકે, વિદ્યાર્થીઓને સ્કૂલ આવવાનું મરજિયાત કરાયું છે. સાથે જ વિદ્યાર્થીઓને વાલીઓની સહમતિ બાદ સ્કૂલમાં આવવા દેવાશે. આમ, સરકારના આ નિર્ણયની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી.

# દેશના સાત રાજ્યોમાં બર્ડ ફ્લૂનો પગપેસારો ગુજરાતમાં સરકારના આદેશ બાદ તંત્ર એલર્ટ

## મોટા ભાગના અભ્યારણ્યો અને પ્રાણી સંગ્રહાલયો બંધ કરાયા

## શંકાસ્પદ મૃત્યુ પામેલા પક્ષીઓના સેમ્પલો પરીક્ષણાર્થે પ્રયોગશાળામાં મોકલાયા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૧૦

ગુજરાત સહીત દેશના અનેક રાજ્યો બર્ડ ફ્લુની ચપેટમાં આવી ગયા છે. દેશમાં અનેક સ્થળોએ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અને રાજ્યોને બર્ડ ફ્લુ સામે આગમચેતી પગલા ભરવા માટે ચેતવણી પણ આપવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં અનેક સ્થળે મૃત પક્ષી મળી આવતા ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.



પ્રાપ્ત વિગતો અનુસાર ગુજરાતમાં બર્ડ ફ્લુની પુષ્ટ થયા બાદ પક્ષી પ્રેમીઓમાં મિશ્ર લાગણી જોવા મળી રહી છે. એક બાજુ ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે તો બીજી બાજુ પક્ષીઓ મોત ને કારણે દુખની લાગણી પણ જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કચ્છમાં ૩૮ કાગડાનાં શંકાસ્પદ મોત થયા છે. અંજારના ભીમાસર ગામમાં કાગડાના મોત થયાછે. ગામના તળાવ પાસેથી મૃત કાગડા મળી આવ્યા છે. બર્ડફ્લૂની દહેશત વચ્ચે ઘટનાથી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

તો સાથે ગીરસોમનાથમાં પણ પક્ષીઓના શંકાસ્પદ મોત થયા છે. ડોળાશામાં ૪ કુંજ પક્ષીના શંકાસ્પદ મોત થયા છે. ચિખલીમાં ખેડૂતોના ફાર્મમાં ૧૫૦ મરઘાના મોત થયા છે. ફાર્મમાં રોજ ૮ થી ૧૦ મરઘાના મોત થી રહ્યાનું પણ સામે આવ્યું છે. ખેડૂતો દ્વારા વનવિભાગને જાણ કરાઈ છે.

ડાંગમાં પણ ૧૦ થી વધુ કાગડાઓના મોત થયા છે. શંકાસ્પદ મોતને પગલે તંત્ર એલર્ટ મોડ માં આવી ગયું છે. વઘઈમાં કાગડાના શંકાસ્પદ મોતથી ભયનો માહોમ જોવા મળી રહ્યો છે.






# ૧૫૦% કરતા વધુ વરસાદ થયો હોવા છતાં રાજકોટની પાણી સમસ્યા યથાવત

### ચાર દશકાથી પાણી પ્રશ્ને આત્મનિર્ભર બનવાના સ્વપ્ના જોતા રાજકોટવાસીઓ હજુ પણ સૌની યોજના પર નિર્ભર

(જી.એન.એસ)રાજકોટ,તા.૧૦

ચાલુ વર્ષે પુષ્કળ વરસાદ બાદ પણ રાજકોટ શહેરને ઉનાળામાં પાણીની સમસ્યાનો સામનો કરવાનો વારો આવે તો નવાઈ નહિ. કારણ કે, રાજકોટ શહેરને પાણી પૂરુ પાડતા જળાશયોમાં માત્ર બે થી છ મહિના ચાલે એટલા જ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજકોટની વસ્તીને ધ્યાને લેતા દરરોજ ૧૮ થી ૨૦ એમસીએફટી પાણીની જરૂર પડી રહી છે. આજીમાં ૫૮૩ એટલે કે બે માસ ચાલે તેટલું પાણી છે. જ્યારે કે, ન્યારી ૧ ડેમમાં ૮૮૩ એમસીએફટી એટલે કે છ માસ ચાલે તેટલો પાણીનો જથ્થો છે. આગામી છ મહિનામાં જ ડેમ ડેડ વોટર સુધી પહોંચી જાય તેવી સ્થિતિ છે. જેથી ફરી રાજકોટ શહેરને સૌની યોજનાથી ડેમ ભરવાની જરૂર પડશે. એટલે કે, રાજકોટમાં પાણીની બાબત સાવ નર્મદા નિર આધારિત રહેશે. જો મનપા દ્વારા સરકાર પાસેથી નર્મદા નીરની માંગ કરવામાં ન આવે તો જનતાને પાણી કાંપ વેઠવો પડે તે નિશ્ચિત છે. હાલની સ્થિતિએ રાજકોટ શહેરને પીવાનું પાણી વિતરણ કરવા પૂરતો જથ્થો હોવાનું મનપા દાવો કરી રહી છે. પરંતુ જો રાજકોટવાસીઓ પાણીનો બગાડ કરશે તો આગામી દિવસોમાં પાણીની તંગી જરૂર સર્જાય શકે છે. ગત વર્ષે પણ સૌની યોજનાથી રાજકોટવાસીઓને પાણી કાપનો સામનો કરવો નહોતો પડ્યો અને આ વર્ષે પણ નર્મદા નીર રાજકોટ સુધી પહોંચાડવા સરકાર મંજૂરી આપશે તો રાજકોટવાસીઓને પાણી પૂરતું મળી રહેશે.

# ઉત્તર-મધ્ય ગુજરાતમાં માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી : ૨.૮૭ ઈંચ વરસાદ ખાબક્યો

(જી.એન.એસ)ડેડિયાપાડા,તા.૧૦

ગુજરાતમાં અચાનક વાતાવરણમાં પલટો આવતા ખેડૂત ચિંતાતુર બન્યા છે. ઠંડીના ચમકારા વચ્ચે અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ છવાયો છે. તેવામાં હવામાન વિભાગ દ્વારા ૧૧મી જાન્યુઆરી સુધી કમોસમી વરસાદની આગાહી કરવામાં આવેલી છે. કમોસમી વરસાદને લઈને ખેડૂતો માટે પડ્યા ઉપર પાટૂ જેવી સ્થિતિ ઉદ્ભવી રહી છે.જણાવી દઈએ કે, દક્ષિણપૂર્વ અરેબિયન સમુદ્રથી ઉત્તરપશ્ચિમ મધ્ય પ્રદેશ તેમજ ત્યાંથી પૂર્વમધ્ય અરેબિયન સમુદ્રમાં સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં કમોશમી વરસાદે ચિંતામાં વધારો કર્યો છે. નર્મદા જિલ્લાના ડેડિયાપાડામાં સૌથી વધુ ૨.૮૭ ઈંચ, સુરત જિલ્લાના ઉમરપાડામાં ૧.૨૯ ઈંચ કમોસમી વરસાદ નોંધાયો છે. જ્યારે રાજ્યના ૧૫ તાલુકાઓમાં હળવા માવઠા પડ્યા છે. નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં આશરે ત્રણ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. ધોધમાર વરસાદના પગલે આ વિસ્તારના ખેડૂતોના પાકને મોટુ નુકસાન થયું છે. આ ઉપરાંત સુરતના ઉમરપાડામાં દોઢ ઈંચ અને નર્મદાના ગુરૂડેશ્વરમાં પોણો ઈંચ કમોસમી વરસાદ નોધાયો હતો. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદને લઈને આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૪૮ કલાક સુધી કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી શકે છે.















Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)